૭. આ પ્રમાણે પૂર્વ તરફના દેશોમાં મુસાફરી કરતાં તે વિજયી રાજા તાલી વૃક્ષના વનને લીધે કાળા દેખાતા મહાસમુદ્રના કિનારા સુધી પહોંચ્યો.

૮. વહાણના કાફલાને લીધે મગરૂર એવા વંગોનો જડમૂળથી નાશ કરી તેણે ગંગાના બે ફાંટાની વચ્ચે વિજયનો સ્થંભ ઊભો કર્યો.

૯. જેવી રીતે પર્વતો, પાંખ કાપવા તૈયાર થયેલા ઈન્દ્રની સામા પથરાઓ વાપરી

સામા થયા તેમ **કલિંગના રાજાએ** તેની સામા શસ્ત્રો વાપર્યા.

૧૦. તે વિજયી રાજાએ, **મહેન્દ્રનો રાજા જે પહેલાં પકડાયો હતો પણ પાછળથી છૂટ્યો હતો** તેનું ધન લીધું પણ દેશ લીધો ન હતો.

૧૧. સમુદ્ર જો કે **પરશુરામના બાણથી ઘણો આઘો ખસેડાયો હતો** તોપણ તેના મોટા સૈન્યને લીધે જાણે **સહ્ય પર્વતને અડકતો** હોય એમ લાગ્યું.

બાલાદપિ હિતં ગ્રાહ્યમ્ । - બાળકથી પણ હિત ગ્રહણ કરવું.

યાચના ગતગૌરવા । - યાચનાથી ગૌરવ ચાલ્યું જાય છે.

अविवेकः परमापदां पदम् । - અવિવેક મોટી આપદાને આપનાર છે.

शान्तिः संन्यासिनां सुधा । - સંન્યાસીઓને શાંતિ અમૃત સમાન છે.

સ્વાર્થભ્રંશો હિ મૂર્ખતા । - સ્વાર્થ હણાય તે જ મૂર્ખતા છે.

યદ્ ભાવ્યં તદ્ ભવિષ્યતિ । - જે બનવાનું હોય છે તે બને છે.

ધર્મદંભસ્તુ દુસ્તરઃ । - ધર્મનો દંભ દુસ્તર છે.

પાઠ ૨૦

સમાસ

બહુવ્રીહિ અને અવ્યયીભાવ

ભૂમિકા

૧. (A) બહુવ્રીહિ સમાસમાં સામાન્યથી બે પદો હોય છે અને તે સમાસ બીજા કોઈપણ પદનું વિશેષણ જ હોય છે, અને તેથી જ આ સમાસને **અન્યપદ પ્રધાન** સમાસ પણ કહે છે.

દા.ત. **महाबाहुः रामः** - મોટા હાથવાળો રામ.

(B) કર્મધારય સમાસ નામ અવયવ વિશેષણ હોય છે. જ્યારે બહુવ્રીહિ વિશેષણ જ હોય છે પણ જ્યારે તે કર્મધારય હોય ત્યારે તે નામ છે અને તેનો અર્થ 'મોટો બાહુ' એવો થાય છે, પણ જ્યારે તે બહુવ્રીહિ હોય ત્યારે તે વિશેષણ જ છે અને તેનો અર્થ 'જેના બાહુઓ મોટા છે તે' એમ થાય. એટલે કે કર્મધારયમાં જે અર્થ થતો હોય 'તે વાળો' એવો અર્થ વધારામાં બહુવ્રીહિમાં થાય છે.

૨. (A) બહુવ્રીહિ સમાસ વિશેષણ હોવાથી સામાન્ય રીતે વિશેષ્ય પ્રમાણે તેના જાતિ-વચન થાય છે.

(B) આ સમાસના આઠ પ્રકાર છે.

૧. સમાનાધિકરણ, ૨. વ્યધિકરણ, ૩. ઉપમાન, ૪. નઞ્, ૫. પ્રાદિ, ૬. સહ, ૭. સંખ્યા અને, ૮. દિગ્..

૩. દ્વન્દ્વ, તત્પુરુષ, બહુવ્રીહિ અને અવ્યયીભાવ આ ચાર સમાસો ઉપરાંત પણ કેટલાક સમાસના પ્રયોગ આવે છે. જેઓની સિદ્ધિ વ્યાકરણમાં જુદા-જુદા ઘણા નિયમોથી કરવામાં આવે છે. બધા પાઠક સરળ રીતે સમજી શકે તે માટે તેના ચાર વિભાગ પાડવામાં આવે છે. તેની સમજુતિ આ પાઠના પ્રકીર્ણ સમાસમાં ઉમેરવામાં આવી છે.

૧. અલુક્, ૨. નિત્ય, ૩. પૃષોદરાદિ અને ૪. સુપ્સુપ્.

નિયમો

૩. બહુવ્રીહિ સમાસ

(૧.) આ સમાસના વિગ્રહમાં વિશેષ્યની જાતિ-વચન પ્રમાણે પ્રથમા અને સંબોધન

સિવાય અર્થના સંબંધને અનુસારે **यद्** સર્વનામનું છ એ વિભક્તિનું રૂપ મુકાય છે. કઈ જગ્યાએ **यद्** નું કયું રૂપ મૂકવું તે સમાસના અર્થ ઉપરથી નક્કી કરી શકાય.

દા.ત. **प्राप्तम् उदकम् यम् सः = प्राप्तोदकः (ग्रामः)।**

ऊढः रथः येन सः = ऊढरथः (अश्वः)।

उपहृतः पशुः यस्मै सः = उपहृतपशुः (रुद्रः)।

निर्गतः अरिः यस्मात् सः = निर्गतारिः (देशः)।

बहु धनम् यस्य सः = बहुधनः (नरः)।

अप्तम् बीजम् यस्मिन् तद् = अप्तबीजम् (क्षेत्रम्)।

१. समानाधिकरण बहुव्रीहि समास

१. બન્ને પદો પ્રથમા વિભક્તિમાં હોય તો આ સમાસ થાય છે.

દા.ત. **पीतम् अम्बरम् यस्य सः = पीताम्बरः।**

२. व्यधिकरण बहुव्रीहि समास

१. બન્ને પદોની વિભક્તિઓ જુદી-જુદી હોય તો આ સમાસ થાય છે.

દા.ત. **चक्रम् पाणौ यस्य सः = चक्रपाणिः।**

૩. ઉપમાન બહુવ્રીહિ સમાસ

१. પૂર્વપદ કોઈ ઉપમાદર્શક નામ હોય ત્યારે આ સમાસ થાય છે.

દા.ત. **पद्मानाम् गन्धः इव गन्धः यस्य सः (पद्मानाम् इव गन्धः यस्य सः) = पद्मगन्धिः। चन्द्रस्य कान्तिः इव कान्तिः यस्य सः (चन्द्रस्य इव कान्तिः यस्य सः) = चन्द्रकान्ति :।**

४. नञ् बहुव्रीहि समास

१. પૂર્વપદ નકારદર્શક **अ** કે **अन्** હોય ત્યારે આ સમાસ થાય છે અને તેના વિગ્રહમાં પૂર્વપદને બદલે **नास्ति** અથવા વિશેષ્યની જાતિ પ્રમાણે **अविद्यमान** શબ્દ મુકાય છે.

દા.ત. **नास्ति (अविद्यमानः) पुत्रः यस्य सः = अपुत्रः।**

५. प्रादि बहुव्रीहि समास

१. પૂર્વપદ કોઈ ઉપસર્ગ હોય ત્યારે આ સમાસ થાય છે. તેના વિગ્રહમાં ઉપસર્ગમાં

गत, क्रान्त જેવા કોઈ વિશેષણ તરીકે કર્મ. ભૂ.કૃ. મુકાય છે.

દા.ત. **विगतम् रूपम् यस्याः सा = विरूपा (कन्या)** ।

निर्गताः जनाः यस्मात् तद् = निर्जनम् (वनम्) ।

૬. सह બહુવ્રીહિ સમાસ

૧. પૂર્વપદ **स** કે **सह** હોય તો આ સમાસ થાય છે.

દા.ત. **पुत्रेण सह वर्तते यः सः = सपुत्रः / सहपुत्रः (देवदत्तः)** ।

૭. संख्या બહુવ્રીહિ સમાસ

૧. (A) પૂર્વપદ કોઈ ઉપસર્ગ, **आसन्न, अधिक, अदूर** અથવા સંખ્યાવાચક નામ હોય અને ઉત્તરપદ કોઈ પદાર્થને જણાવનાર સંખ્યાવાચક નામ હોય ત્યારે આ સમાસ થાય છે.

(B) ઉત્તરપદને અંતે જો સ્વર હોય તો તેનો અને વ્યંજન હોય તો પૂર્વના સ્વર સહિત અન્ત્ય વ્યંજનનો લોપ કરી **अ** ઉમેરાય છે અને **विंशति** ના **ति** નો લોપ થાય છે. પરંતુ **चतुर्** ની પૂર્વે **उप** કે **त्रि** હોય તો માત્ર **अ** જ ઉમેરાય છે.

દા.ત. **द्वौ वा त्रयो वा = द्विन्राः** । (બે કે ત્રણ)

द्विः आवृत्ताः दश = द्विदशाः । (વીશ)

विंशतेः आसन्नाः = आसन्नविंशाः । (લગભગ વીશ)

त्रिंशतः अदूराः = अदूरत्रिंशाः । (ત્રીસથી આઘું નહિં)

चत्वारिंशतः अधिकाः = अधिकचत्वारिंशाः । (ચાલીસથી વધારે)

चतुर्णाम् समीपे ये सन्ति ते = उपचतुराः । (લગભગ ચાર)

૮. दिग् બહુવ્રીહિ સમાસ

૧. બે મુખ્ય દિશાઓના નામ સાથે સાથે આવી તે બન્ને વચ્ચેની દિશા બતાવાતી હોય તો આ સમાસ થાય છે.

દા.ત. **उत्तरस्याः पूर्वस्याः च दिशोः अन्तरालम् = उत्तरपूर्वा** ।

૨. નીચેના શબ્દો ઉત્તરપદ તરીકે હોય તો બહુવ્રીહિ સમાસમાં નિત્ય **क** ઉમેરાય છે.

(A) કોઈ પણ **ऋ** કારાંત શબ્દ,

(B) સ્વરાદિ પ્રત્યયો પૂર્વે નિત્ય **ई** નો **य्** અને **ऊ** નો **व्** થાય તેવા **ई**-**ऊ** કારાંત સ્ત્રીલિંગ શબ્દ,

(C) સ્ત્રી તથા (D) નારી જાતિના વિશેષણ તરીકે વપરાયેલ **इन्** અંતવાળા નામો હોય ત્યારે પણ અહીં **इन्** ના **न्** નો **क** પૂર્વે લોપ થાય છે.

દા.ત. **ईश्वरः कर्ता यस्य तद् = ईश्वरकर्तृकम् (जगत्) ।**
बहव्यः नद्यः यस्मिन् सः = बहुनदीकः (देशः) ।

(૩.) બહુવ્રીહિ સમાસના ઉત્તરપદમાં થતા ફેરફારો :

(A) **अक्षि** અને **सक्थि** નું ક્રમશઃ **अक्ष** અને **सक्थ** થાય છે.

દા.ત. **जलजे इव अक्षिणी यस्य सः = जलजाक्षः ।**

दीर्घे सक्थिनी यस्य सः = दीर्घसक्थः (उष्ट्रः) ।

(B) **धनुस्** નું **धन्वन्**, **जाया** નું **जानि**, **गो** નું **गु** અને **नाभि** નું **नाभ** થાય છે.

દા.ત. **पुष्पम् धनुः यस्य सः = पुष्पधन्वा । उमा जाया यस्य सः = उमाजानिः ।**
चित्राः गावः यस्य सः = चित्रगुः । पद्मम् नाभौ यस्य सः = पद्मनाभः ।

(૪.) **उत्**, **पूति**, **सु** અને **सुरभि** પછી **गन्ध** નું **गन्धि** થાય છે. તેમજ ઉત્તરપદ **गन्ध** હોય અને સમાસ ઉપમા દર્શક હોય ત્યારે પણ **गन्धि** થાય છે.

દા.ત. **शोभनः गन्धः यस्य तत् = सुगन्धि (पुष्पम्) ।**
मधुनः गन्धः इव यस्य सः = मधुगन्धि : ।

(૫.) પૂર્વપદ એક જ શબ્દ હોય તો **धर्म** નું **धर्मन्** થાય છે. ઉપસર્ગ પછી **नासिका** નું **नस्** થાય છે. **द्वि** અથવા **त्रि** પછી **मूर्धन्** નું **मूर्ध** થાય છે.

દા.ત. **समानः धर्म : यस्य सः = समानधर्मा ।**
उन्नता नासिका यस्य सः = उन्नसः । द्वौ मूर्धानौ यस्य सः = द्विमूर्धः ।

(૬.) ઉપરોક્ત નિયમ (૩) મુજબ બનેલા સમાસ, તેમજ સહ, દિગ્ અને સંખ્યા બહુવ્રીહિ સિવાયના દરેક બહુવ્રીહિ સમાસના ઉત્તરપદમાં **क** વિકલ્પે ઉમેરાય છે.

દા.ત. **श्रिया सह वर्तते यः सः = सश्रीः / सश्रीकः ।**
बहु धनम् यस्मिन् सः = बहुधनः / बहुधनकः (देशः) ।

अपगतः अर्थः यस्मात् तत् = अपार्थम् / अपार्थकम् (वचनम्) ।
अविद्यमाना श्रीः यस्य सः = अश्रीः / अश्रीकः (नरः) ।

(૭.) જ્યારે **क** ઉમેરાતો નથી ત્યારે બહુવ્રીહિ સમાસનો અન્ત્ય સ્વર, જો ઉત્તરપદ **आ** અન્ત્યવાળું સ્ત્રીલિંગ નામ હોય તો હ્રસ્વ થાય છે. જ્યારે **क** લગાડાય છે ત્યારે **आ** વિકલ્પે હ્રસ્વ થાય છે.

દા.ત. लक्ष्मीः भार्या यस्य सः = लक्ष्मीभार्यः / लक्ष्मीभार्यकः / लक्ष्मीभार्याकः ।

અનિયમિત બહુવ્રીહિ સમાસ

शोभनम् प्रातः यस्य = सुप्रातः । शोभनम् श्वः यस्य सः = सुश्वः ।
शोभनम् दिवा यस्य = सुदिवः । कण्ठे कालः यस्य सः = कण्ठेकालः ।

૪.અવ્યયીભાવ સમાસ

૧. (A) આ સમાસ અવ્યય, ઉપસર્ગ કે ક્રિયાવિશેષણ અવ્યય અને એક નામ જોડવાથી થાય છે.

(B) આખો સમાસ નપું. પ્રથમાના એ.વ. જેવો થઈ અવ્યય તરીકે ગણાય છે.

(C) अ કારાંત અવ્યયીભાવ સમાસ કેટલીકવાર તૃતીયા કે પંચમી એ.વ. ના પ્રત્યય લે છે.

(D) ક્રિયાવિશેષણ નપું. ના દ્વિતીયા એ.વ. જેવા ગણવા.

(E) અન્ત્ય દીર્ઘ સ્વર હ્રસ્વ થાય છે.

(F) અન્ત્ય न् લોપાય છે, પરંતુ જ્યારે ઉત્તરપદ નપું. હોય ત્યારે વિકલ્પે લોપાય છે.

દા.ત. हरौ इति = अधिहरि । विष्णोः पश्चात् = अनुविष्णु ।
गङ्गायाः समीपम् = उपगङ्गम् । गङ्गाम् अन्वायतम् = अनुगङ्गम् ।
शक्तिम् अनतिक्रम्य = यथाशक्ति । आत्मनि इति = अध्यात्मम् ।
अहनि अहनि = प्रत्यहम् । अक्ष्णोः समीपम् = प्रत्यक्षम् ।
तृणम् अपि अपरित्यज्य = सतृणम् । अक्ष्णो : परम् = परोक्षम् ।

૨. (A) પકડી શકાય એવી એક જ પ્રકારની વસ્તુઓ બતાવનારા બે શબ્દો સપ્તમી વિભક્તિમાં આવી અથવા શસ્ત્રો કે શસ્ત્ર તરીકે ચાલી શકે એવી એક જ પ્રકારની

વસ્તુઓ બતાવનાર બે શબ્દો તૃતીયા વીભક્તિમાં આવી 'આ પ્રમાણે સામસામી લડાઈ શરૂ થઈ' એમ અર્થ બતાવવાનો હોય અને તે બે મૂળ શબ્દોનો સમાસ કર્યો હોય તો આ સમાસ થાય છે.

(B) આ સમાસ બનાવતા પૂર્વપદનો અન્ત્ય સ્વર દીર્ઘ કરવો અને ઉત્તરપદના અન્ત્ય સ્વરનો લોપ કરી તેની જગ્યાએ इ ઉમેરવી. પણ આ इ ઉમેરતાં પહેલાં જો उ આવેલ હોયતો उ નો ગુણ કરવો પણ લોપ કરવો નહીં.

દા.ત. **केशेषु च केशेषु च गृहीत्वा इदम् युद्धम् प्रवृत्तम् इति = केशाकेशि ।**
તેજ રીતે **दण्डादण्डि । मुष्टीमुष्टि । हस्ताहस्ति । मुसलामुसलि । बाहुबाहवि ।**

પ્રકીર્ણ સમાસ

૧. અલુક્ સમાસ

૧. પૂર્વપદ અને ઉત્તરપદ વચ્ચે પ્રથમા સિવાય બીજી કોઈ વિભક્તિનો સંબંધ હોય અને તે બે પદોને જોડવા છતાં વિભક્તિના પ્રત્યયનો લોપ ન થાય પણ કાયમ રહે તે અલુક્ સમાસ કહેવાય છે.

દા.ત. **अञ्जसा कृतम् = अञ्जसाकृतम् । ओजसा कृतम् = ओजसाकृतम् ।**
पुंसा अनुजः = पुंसानुजः । जनुषा अन्धः = जनुषान्धः ।
आत्मना पञ्चमः = आत्मनापञ्चमः । परस्मै पदम् = परस्मैपदम् ।
आत्मने पदम् = आत्मनेपदम् । दूराद् आगतः = दूरादागतः ।
चक्रात् मुक्तः = चक्रान्मुक्तः । पश्यतः हरः = पश्यतोहरः ।
देवानाम् प्रियः = देवानांप्रियः । दास्याः पुत्रः = दास्याःपुत्रः ।
दिवः पतिः = दिवस्पतिः । वाचः पतिः = वाचस्पतिः ।
दिवः दासः = दिवोदासः । गेहे शूरः = गेहेशूरः ।
गेहे नर्दी = गेहेनर्दी । पात्रे कुशलः = पात्रेकुशलः ।
कर्णे जपः = कर्णेजपः । युधि स्थिर : = युधिष्ठिरः ।

૨. નિત્ય સમાસ

૧. જે સમાસનો વિગ્રહ ન કરી શકાય અને જો કરીએ તો અર્થ ફરી જાય અથવા તો વિગ્રહમાં સમાસના બધા પદો ન આવે તો આ સમાસ કહેવાય છે.

દા.ત. **खट्वारूढः** = નીચ (વિદ્યાર્થી), પણ જો આનો **खट्वाम् आरूढः** વિગ્રહ કરીએ તો તેનો અર્થ 'ખાટલા ઉપર આરૂઢ થયેલ' એમ થાય છે. મૂળ અર્થ રહેતો નથી.

૩. पृषोदरादि समास

૧. તત્પુરુષ, બહુવ્રીહિ વગેરે કોઈપણ પ્રકારનો સમાસ હોય પણ તે સમાસમાં નિપાતથી કોઈ જાતનો ફેરફાર થયો હોય તેવા સમાસોને પૃષોદરાદિ સમાસ કહેવામાં આવે છે.

દા.ત. **पृषतः उदरम् (पृषतः उदरम् यस्य तत्) = पृषोदरम्** । આમાં નિપાતથી **त्** નો લોપ થયો છે.

मनसः ईषिणः = मनीषिणः । वारीणाम् वाहकः = बलाहकः ।

गूढः च असौ आत्मा च = गूढोत्मा । जीवनस्य मूतः = जीमूतः ।

पिशितम् आचामति = पिशाचः । श्मानि शेरते अत्र = श्मशानम् ।

मह्याम् रौति सः = मयूरः । हर्तुम् मनः यस्य सः = हर्तुमनाः ।

४. सुप्सुपः समास

૧. (A) દ્વન્દ્વ વગેરે ઉપર જણાવેલ કોઈ પણ સમાસમાં જેનો સમાવેશ ન થાય તેવા સમાસને સુપ્સુપ્ સમાસ કહેવાય છે.

(B) અને આમાં પૂર્વપદ ક્રિયાવિશેષણ, અવ્યય કે અવ્યયીભાવ સમાસ અને ઉત્તરપદ વિશેષણ હોય છે. આને **કેવલ સમાસ** પણ કહેવામાં આવે છે.

દા.ત. **पूर्वम् भूतः = भूतपूर्वः । अद्य वा श्वः वा = अद्यश्वः ।**

ધાતુઓ

પહેલો ગણ

जप् - ૫. ધીમે ધીમે જપવું

अव + लोक् - આ. અવલોકન કરવું (ગ.૧૦)

सम + आ + सञ्ज् - ૫. પ્રીતિ કરવી, અનુરક્ત થવું, લાગવું

છઠ્ઠો ગણ

सस्ज् - ૫. તૈયાર થવું

નવમો ગણ

बन्ध् - ૫. બાંધવું

નામ (A - સંસ્કૃતનું ગુજરાતી)

પુંલિંગ

અङ्क - ખોળો

अधिज्यधन्वन् - જેનું ધનુષ ખેંચેલું હોય તે

अनुराग - પ્રીતિ

अर्थ - ઈચ્છેલી વસ્તુ

अवलेप - ગર્વ

अश्वमेध - એક પ્રકારનો યજ્ઞ (એમાં અશ્વનું બલિદાન થાય છે.)

असु - જીવ, પ્રાણ (આ અર્થમાં તે હંમેશાં બ.વ. માં વપરાય છે કેમકે પ્રાણ પાંચ છે.)

आत्मभाज् - જેને આત્મા છે તે, માણસ

आशीविष - સર્પ

उपभोग - ભોગવવું તે

कुमारक - જુવાન છોકરો, કુંવર, કુમાર

तनय - દીકરો

त्र्यम्बक - રુદ્રનું નામ, શિવ

धूप - ધૂપ

निसर्ग - સ્વભાવ, પ્રકૃતિ

परिक्षित - અભિમન્યુનો પુત્ર અને અર્જુનનો પૌત્ર

परिजन - સેવક, નોકર

प्रचार - ફેલાવો

प्रमति - માણસનું નામ છે.

बाष्प - આંસુ (ન.)

भार्गव - ઋષિનું નામ છે.

मान - આબરૂ, માન

रुरु - માણસનું નામ છે.

विश्वावसु - ગન્ધર્વનું નામ છે.

समागम - સોબત, મેળાપ

सार - શક્તિ, તાત્પર્ય

स्थूलकेश - ઋષિનું નામ છે.

સ્ત્રીલિંગ

अक्षमाला - (**अक्ष** - પું. એક છોડનું અને તેના મૂળનું નામ છે +**माला** - સ્ત્રી. કંઠી, માળા) રુદ્રાક્ષની માળા

अपचिति - પૂજા

उलूपी - એક નાગકન્યાનું નામ છે. (એ થોડા દિવસ અર્જુનની ભાર્યા હતી.)

कन्यका - દીકરી

कादम्बरी - એક તરૂણ સ્ત્રીનું નામ છે.

दंष्ट्रा - દાઢ, અણિદાર દાંત

देवता - દેવતા

प्रमद्वरा - સ્ત્રીનું નામ છે.

मेनका - અપ્સરાનું નામ છે.

युध् - લડાઈ

शून्यमुखी - સુના મોં વાળી, ફીકા મુખવાળી, ઝંખવાણી પડેલી

નપુંસકલિંગ

अनुलेपन - મલમ, અંગને લગાડવાનો સુગન્ધિત પદાર્થ

आयुस् - જીંદગી
कुटुम्बक - કુટુંબ
धामन् - તેજ
प्रयाण - જવું તે, કુચ

विशेषण

अचिन्त्य - અવિચાર્ય, ન ધારી શકાય એવું
आनीत - (आ + नी નું કર્મ. ભૂ.કૃ.) આણેલું
आर्त - દુઃખિત, પીડિત
आसाद्य - મેળવાય તેવું
उत्पन्न - જન્મેલું, ઉપજેલું
उदार - ઉમદા, મોટા મનવાળું, ઉદાર
उद्दामवृत्ति - ઉદ્ધત સ્વભાવવાળું, અમર્યાદ
उद्धत - ગર્વિષ્ઠ
उपजनित - (उप + जन् નું પ્રેરક કર્મ. ભૂ.કૃ.) ઉપજાવેલું
कृतिन् - જેની ઇચ્છા સંપૂર્ણ થઇ છે તે, કૃતકાર્ય, સુંદર
गतजीवित - મરેલું
चिरप्रवृत्त - લાંબા વખતથી ચાલતું
दुरन्त - જેને છેડે પહોંચવું કઠણ છે એવું, અમર્યાદ
निराहार - ભૂખ્યું, ઉપવાસી
परिप्लुष्ट - (परि + प्लुष् નું કર્મ. ભૂ.કૃ.) બાળી નાખેલું
प्रापितवत् - (प्र + आप् નું પ્રેરક કર્તરિ ભૂ.કૃ.) પમાડનાર, આપનાર
बुभुक्षित - ભૂખ્યું
योजितवत् - (युज् નું પ્રેરક કર્તરિ ભૂ.કૃ.) જોડનાર
विलुप्त - (वि + लुप् નું કર્મ. ભૂ.કૃ.) નાશ કરેલું
व्यक्त - (वि + अञ्ज् નું કર્મ. ભૂ.કૃ.) ખુલ્લું , સ્પષ્ટ
समारोपित - (सम् + आ + रुह् નું પ્રેરક કર્મ. ભૂ.કૃ.) મૂકાયેલું
सार्वभौम - ચક્રવર્તી
सुरभि - સુગંધ, સુવાસવાળું
सोच्छ्वास - શ્વાસવાળું, જીવતું

अव्यय

आ - મર્યાદા બતાવતો શબ્દ, અવધિ દર્શક

क्रियाविशेषण

यथाविधि - વિધિ પ્રમાણે
यावत् - સુધી

નામ (B - ગુજરાતીનું સંસ્કૃત)

पुंलिंग

તીડ - **शलभ**
થાપણ - **न्यास, निक्षेप**
પરંતપ (રાજાનું નામ છે.) - **परंतप**
પ્રકૃતિ - **निसर्ग, स्वभाव**
પ્રીતિ - **अनुराग**

રહેઠાણ - **आवास**
શક્તિ, શૂરપણું - **प्रताप, पराक्रम**
હાથનું ઘરેણું, કડું - **अङ्गद**
હેમાંગદ (રાજાનું નામ છે.) - **हेमाङ्गद**

સ્ત્રીલિંગ

દેવકુમારી - **अप्सरस्, सुराङ्गना**
પ્રકૃતિ - **प्रकृति**
પ્રીતિ - **प्रीति**

નપુંસકલિંગ

કમ્મર - **मध्य**
છાતી - **वक्षस्**
તેજ - **सत्त्व**
રહેઠાણ - **आस्पद**
રીજવવું તે (રાજાએ.પ્રજાને) - **अनुरञ्जन**

વિશેષણ

અગાધ - **अगाध**
જુદું - **भिन्न (भिद् નું કર્મ.ભૂ.કૃ)**
પાછું આપેલું - **प्रत्यर्पित (प्रति + ऋ નું પ્રેરક કર્મ. ભૂ.કૃ.)**
પહોળું - **विशाल**
માગેલું - **प्रार्थित (प्र + अर्थ् નું કર્મ. ભૂ.કૃ.)**
માર્યું (પીડાયેલું) - **अभिभूत (अभि + भू નું કર્મ. ભૂ.કૃ) पर्याकुल, आकुल**

ઉપસર્ગ

તરફ - **अभि**
દરેક - **प्रति**

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ સંસ્કૃતનું ગુજરાતી કરો.

૧. स्नेहरूपस्तन्तुर्मनुजानां हृदयममर्माणि सीव्यति ।
૨. भार्याया यद्यदिष्टं तत्तदधिज्यधन्वनस्तस्य भूपतेर्नानासाद्यं किंचिदासीत् ।
૩. प्रतिदिनं त्र्यम्बकं यथाविधि पूजयामि यावदवकाशं ग्रन्थानवलोकयाम्या-मध्याह्नसमयमक्षमालां गृहीत्वा जपामि ।
૪. त्रिचतुराण्यहान्यस्मिन्मे गृहे वस्तुं त्वमर्हसि यावत्तवार्थसिद्धिं करोमि ।
૫. आसन्नपञ्चाशा गा ब्राह्मणेभ्योऽददाद्यज्ञवर्मा श्रावणस्य प्रथमे सोमवासरे ।
૬. चिरप्रवृत्त एष मृतस्य पुनर्जीवप्रदाने पन्था : । तथाहि । विश्वावसुना गन्धर्वराजेन मेनकायामुत्पन्नां प्रमद्वरां नाम कन्यामाशीविषविलुप्तजीवितां स्थूलकेशाश्रमे भार्गवस्य नप्ता प्रमतितनयो मुनिकुमारको रुरुर्नाम स्वायुषोऽर्धेन योजितवान् ।
૭. अर्जुनं चाश्वमेधतुरगानुसारिणमात्मजेन बभ्रुवाहननाम्ना समरशिरसि शरापहृत-

प्राणमुलूपी नाम नागकन्यका सोच्छ्वासमकरोत्।

૮. अभिमन्युतनयं च परिक्षितमश्वत्थामास्त्रपावकपरिप्लुष्टमुदरादुपरतमेव निर्गतमुत्तराप्रलापोपजनितकृपो भगवान्वासुदेवो दुर्लभानसून्प्रापितवान्।

૯. यान्येव सुरभिकुसुमधूपानुलेपनादीनि चन्द्रापीडसमागमसुखोपभोगायानीतानि तैरेव मृते तस्मिन्देवतोचितामपचितिं संपाद्य चन्द्रापीडमूर्तौ मूर्तिमतीव शोकवृत्तिरार्तरूपा रूपान्तरमिव तत्क्षणेनैवोपगता गतजीवितेव शून्यमुखी मुखावलोकिनी चन्द्रापीडस्य पीडौत्पीडितहृदयापि रक्षन्ती बाष्पमोक्षमुद्दामवृत्ते : शोकादपि मरणादपि च कष्टतमामवस्थामनुभवन्ती तथैवाङ्के समारोपित-चन्द्रापीडचरणद्वया दूरागमनखिन्नेनापि बुभुक्षितेनाप्यप्रतिपन्नस्नानपानभोजनेन मुक्तात्मना राजपुत्रलोकेन स्वपरिजनेन च सह निराहारा कादम्बरी तं दिवसमनयत्।

૧૦. सज्जन्ति कुञ्जरघटाः खलु तत्प्रयाणे तं संततं युधि परिष्वजते जयश्री :।
चेतः समासजति तस्य गुणानुरागाद्विद्याविशुद्धहृदये विदुषां समूहे॥

૧૧. यं न स्पृशन्त्येनमचिन्त्यतत्त्वं दुरन्तधामानमनन्तरूपम्।
मनोवचोवृत्तय आत्मभाजां स एव पूज्यः परमः शिवो नः॥

૧૨. अयं निजः परो वेति गणना लघुचेतसाम्।
उदारचरितानां तु वसुधैव कुटुम्बकम्॥

૧૩. दंष्ट्राभङ्गं मृगाणामधिपतय इव व्यक्तमानावलेपाः।
नाज्ञाभङ्गं सहन्ते नृवर नृपतयस्त्वादृशाः सार्वभौमाः॥

प्रश्न-२ ગુજરાતીનું संस्कृत કરો

૧. મેં પાંચ છ માણસ, પંચાવન કરતાં વધારે ગાયો અને લગભગ સાઠ કુતરાઓ રસ્તાપર જોયા.

૨. આ અંગ દેશનો રાજા છે, જેનો પ્રેમ સ્વર્ગની અપ્સરાઓ ઇચ્છે છે.

૩. શ્રી અને સરસ્વતી દેવીઓ, જેનાં રહેઠાણ સ્વાભાવિક રીતે જુદાં છે, તે તેનામાં એકઠાં રહે છે.

૪. જે રાજાએ મહાશ્વેતાનું વૃત્તાન્ત સાંભળ્યું તે દુઃખનો માર્યો શબ્દ પણ કહી શક્યો નહિ.

૫. જેનું તેજ અગાધ છે અને જેણે પ્રજાને સંતોષી મોટી કીર્તિ મેળવી છે તે આ પરંતપ નામે રાજા છે.

૬. મારી શક્તિ પ્રમાણે ન્યાયના તત્ત્વો હવે સમજાવું છું.

૭. તીડ અગ્નિ તરફ ઉડે છે.

૮. દરેક પર્વત પર રઘુએ કીર્તિ સ્થંભ ઉભો કર્યો.

૯. ગોદાવરીના કિનારા પર જનસ્થાન આવેલું છે.

૧૦. ધણીને ઘેર છોકરીને મોકલીને જાણે કે મેં કોઈની આપેલી થાપણ પાછી સોંપી હોય તેમ હું સુખી છું.

૧૧. લાંબા હાથવાળો, પહોળી છાતીવાળો અને નાજુક કમ્મરવાળો આ અવન્તિનો રાજા છે.

૧૨. કમળ જેવી આંખોવાળી જેના અંગો નાજુક હતાં તેણે તેને માટે પ્રીતિ રાખી નહિ.

૧૩. કડાંથી શોભાયમાન હાથવાળો, મહેન્દ્ર પર્વતની શક્તિવાળો અને જેણે પોતાની શક્તિથી શત્રુઓનો નાશ કર્યો હતો, તે હેમાંગદ કલિંગનો રાજા જે જગ્યાએ બેઠો હતો, ત્યાં તે જયારે પહોંચી ત્યારે સુનન્દાએ તે ચન્દ્રમુખી સુંદરીને કહ્યું.

અપરીક્ષિતં ન કર્તવ્યં । - પરીક્ષા કર્યા વિના કોઈ પણ કાર્ય ન કરવું.

શતં વિહાય ભોક્તવ્યં । - સો કામ પડતા મૂકીને પણ ભોજન કરવું.

જિતં હિ કેન ? મનો હિ યેન । - જીત્યો કોણ ? જેણે મન જીત્યું તે.

ન ધર્માત્ પરમં મિત્રં । - ધર્મ જેવો મહાન મિત્ર કોઈ નથી.

પાઠ - ૨૧

પ્રેરક રૂપ

ભૂમિકા

૧. (A) પ્રેરક રૂપો કોઈ પણ ધાતુના થઈ શકે છે.

(B) આ રૂપ ઉભયપદી છે.

૨. પ્રેરક ધાતુના = બીજા પાસે (જડ કે ચેતન) ક્રિયા કરાવવી કે તે ક્રિયામાં બીજાને પ્રેરણા કરવી. આવું જણાવવા થતો પ્રયોગ પ્રેરક કહેવાય છે. 'મેં ખાધું' આ વાક્યમાં બોલનાર વ્યક્તિ સ્વયં ખાનાર છે, તેથી આ પ્રેરક નથી. પરંતુ 'મને ખવડાવ્યું' અહીં તેને ખાવાની ક્રિયા કરવામાં બીજા તરફથી પ્રેરણા મળે છે, માટે પ્રેરક કહેવાય.

૩. સ્વાધ્યાય, પ્રશ્ન - ૨ ના વાક્યોમાં કૌંસમાં આપેલા ધાતુઓના પ્રેરક રૂપો વાપરવા.

નિયમો

૧. *(A) પ્રેરક બનાવવા માટે ધાતુ પર દશમા ગણની જેમ ગુણ-વૃદ્ધિના નિયમ તથા* **अय** લાગે છે.

(B) દશમા ગણના ધાતુનું મૂળ રૂપ જ પ્રેરક રૂપ બને છે.

દા.ત. **कृ = कारयति/कारयते । घुष् = घोषयति/घोषयते ।**

૨.(A) **अम्** અંતવાળા ધાતુઓ (**कम्, अम्, चम्, यम्** સિવાયના), **जन्, जॄ** (ગ.૪), **त्रप्** અને બીજા બહુ ઉપયોગી નહિં એવા કેટલાક ધાતુઓમાં ઉપાન્ત્ય સ્વરની વૃદ્ધિ થતી નથી

દા.ત. **जन् = जनयति - ते । जॄ = जरयति - ते । त्रप् = त्रपयति - ते ।**

(B) પરંતુ, અનુપસર્ગ **वम्, नम्, वन्** અને **ज्वल्** ધાતુમાં વિકલ્પે વૃદ્ધિ થાય છે. ઉપસર્ગ હોય તો ન થાય.

દા.ત. नम् = नमयति/नामयति । प्र + नम् = प्रणमयति ।

૩. ધાતુના અન્ત્ય **ए, ऐ, ओ, औ** નો **आ** થાય છે.

દા.ત. धे = धा = धापयति । दो = दा = दापयति । (નિયમ -૪ પરથી.)

૪.(A) **पा** (ગ.૧), **पा** (ગ.૨)ધાતુ સિવાયના **आ** કારાંત ધાતુમાં,

(B) નિયમ ૭ - A સિવાયના **ए, ऐ, ओ, औ** કારાંત ધાતુમાં,

(C) **ह्री** અને **ऋ** (ગ.૪,૯) માં,

अय ના બદલે **पय** લાગે છે.

દા.ત. दा, दे, दो = दापयति । गै = गापयति ।

ह्री = ह्रेपयति । ऋ = अर्पयति ।

૫.(A) **क्षै** નો **आ** નિત્ય હ્રસ્વ થાય છે.

(B) અનુપસર્ગ **स्ना** અને **ग्लै** માં વિકલ્પે હ્રસ્વ થાય છે. ઉપસર્ગ હોય તો દીર્ઘ જ રહે છે.

દા.ત. क्षै = क्षपयति । स्ना = स्नापयति / स्नपयति ।

प्र + ग्लै = प्रग्लापयति - ते । ग्लै = ग्लापयति / ग्लपयति ।

૬. **जभ्, रध्, रभ्, लभ्** માં અન્ત્યાક્ષર પૂર્વે અનુનાસિક ઉમેરાય છે.

દા.ત. रभ् = रम्भयति । रध् = रन्धयति । लभ् = लम्भयति ।

૭.(A) **शो, छो, सो, ह्वे, व्ये, वे** અને **पा** (ગ.૧) ધાતુમાં **अय** ની પૂર્વે **प्** ને બદલે **य्** લાગે છે.

દા.ત. शो = शाययति । पा = पाययति ।

(B) **पा** (ગ.૨) માં **अय** ની પૂર્વે **प्** ને બદલે **ल्** લાગે છે.

દા.ત. पालयति - ते ।

૮.(A) **जि, क्री** અને **अधि + इ** ધાતુના સ્વરનો **आ** થાય છે.

દા.ત. जि = जापयति - ते । क्री = क्रापयति - ते ।

अधि + इ = अध्यापयति ।

૯.(A) અકર્મક ક્રિયાપદના પ્રેરક રૂપોમાં,

(B) સકર્મક ક્રિયાપદમાં કોઈક સાહિત્યને લગતું કાર્ય હોય ત્યારે તેવા ધાતુઓના પ્રેરકરૂપમાં,

(C) ગતિદર્શક ધાતુ, કંઈક જ્ઞાન, ખબર, ખાવાનું દર્શાવતા હોય તેવા ધાતુઓના પ્રેરક રૂપમાં અને

(D) **दृश्** ધાતુના પ્રેરક રૂપમાં,

ક્રિયાપદના મૂળ ભેદનો કર્તા દ્વિતીયામાં મૂકાય છે.

દા.ત. **रामं ग्रामं गमयति ।** - રામને ગામ મોકલે છે.

शिष्यं धर्मं ज्ञापयति । - શિષ્યને ધર્મ જણાવે છે.

बालं मोदकं भोजयति । - બાળકને લાડવો ખવડાવે છે.

અપવાદ : **नी** અને **वह्** માં આ નિયમ લાગતો નથી, તથા **हृ** અને **कृ** માં વિકલ્પે લાગે છે.

દા.ત. **श्रावकः साधुं/साधुना विहारयति । नृपः किङ्करेण भारं वाहयति ।**

૧૦. પ્રેરક અને દશમા ગણના **अय** પછી સેટ્ આદિમાં **इ** પ્રત્યય આવે તો **अय** ના અન્ત્ય **अ** નો લોપ થાય છે.

દા.ત. **चुर् + अय + इ + तुम् = चोरय् + इ + तुम् = चोरयितुम् ।**

૧૧.(A) ભૂ.કૃ. ના **त** અને **तवत्** પ્રત્યય પૂર્વે,

(B) **य** થી શરૂ થતા પ્રત્યય પૂર્વે અને,

(C) ધાતુ સાધિતના સ્વરથી શરૂ થતા પ્રત્યયો પૂર્વે,

अय નો લોપ થાય છે. પણ સ્વરમાં થયેલા ફેરફાર કાયમ રહે છે.

દા.ત. **चुर् + अय + इ + त** (સં.ભૂ.કૃ.) **= चोर् + इ + त = चोरित ।**

बुध् + अय + य (કર્મણિ) **+ ते = बोध् + य + ते = बोध्यते ।**

૧૨. ઉપાન્ત્ય હ્રસ્વ સ્વરવાળા ઉપસર્ગવાળા ધાતુને સં.ભૂ.કૃ. માં **य** પ્રત્યય લાગતા પૂર્વે **अय** ના અન્ત્ય **अ** નો લોપ થાય છે.

દા.ત. **प्रणमय + य = प्रणमय् + य = प्रणमय्य ।**

કેટલાક પ્રસિદ્ધ ધાતુઓના રૂપના આદેશ

ધાતુ	અર્થ	રૂપ	ધાતુ	અર્થ	રૂપ
इ	જવું	गमयति	मृज्	સાફ કરવું	मार्जयति
अधि + इ	ભણવું	अध्यापयति	चि	ભેગું કરવું	चाययति, चापयति
जागृ	જાગવું	जागरयति			
दुष्	દોષિત કરવું	दूषयति, दोषयति	रुह्	ઉગવું	रोहयति, रोपयति
धू	ધ્રૂજવું	धूनयति	वि + स्मि	આશ્ચર્ય પામવું	विस्मापयति
प्री	ખુશ કરવું	प्रीणयति	स्फुर्	ધ્રૂજવું, ચમકવું	स्फोरयति, स्फारयति
भी	ડરવું	भाययति, भापयति, भीषयति	हन्	હણવું	घातयति

ધાતુઓ

પહેલો ગણ

अम् - ૫. હાલવું
क्रन्द् - ૫. બૂમ પાડવી
क्षै - ૫. ક્ષીણ થતા જવું
ग्लै - ૫. થાકી જવું
ज्वल् - ૫. ભડકો થવો, બળવું
दल् - ૫. ફાડવું, ચીરવું
पठ् - ૫. ભણવું
वम् - ૫. વમન કરવું
वल् - આ. ઢાંકવું, જવું

બીજો ગણ

रु - ૫. બૂમ પાડવી

ચોથો ગણ

क्लिद् - ૫. ભીનું થવું

નામ (A - संस्कृतનું ગુજરાતી)

પુંલિંગ

अर्थ - ખરોભાવ, અર્થ
काहल - શબ્દ
किंनर - એક સુરલોકનું નામ
कृष्णवर्मन् - પુરુષનું નામ છે
घर्म - ગરમી, ઉષ્ણતા, ઘામ
नगेन्द्र - પર્વતરાજ, હિમાલય, પર્વત
पार्थ - પૃથાનો પુત્ર, પાંડવોનું નામ, અર્જુન
पुष्पमित्र - રાજાનું નામ છે

फूत्कार - ડુસકાં ખાઈ-ખાઈને રડવું તે
मय - એક શિલ્પનું નામ છે
मारुत - પવન
वीररस - શૂરબુદ્ધિ, નવ રસમાંનો એક રસ છે
श्रीहरि - વિષ્ણુનું નામ છે
संभव - મૂળ
स्वेद - પરસેવો

स्त्रीलिंग

अभिसंधा - વચન, નિશ્ચય
गति - ગમન
गुप्ति - ગુપ્તવાત, રક્ષણ
गुरुता - મોટાઈ, દબદબો, ગૌરવ
जाह्नवी - ગંગા
तृष्णा - તરસ
धरित्री - પૃથ્વી
प्रकृति - સ્વભાવ
प्रतिहारी - દ્વારપાલિકા

नपुंसकलिंग

अमृत - અમૃત
कौमारक - બાલ્યાવસ્થા, શૈશવ
क्रन्दित - (નામ તરીકે વપરાય છે. ભૂ.કૃ.) બૂમ
पौरुष - મરદાનગી, શૂરપણું
प्रागल्भ्य - હામ, ધીરપણું
मिथुन - જોડું, યુગ્મ
सलिल - પાણી

विशेषण

अज - નહીં જન્મેલું
अधीर - સાબિત કે ગંભીર મન વગરનું, અલ્પ મનવાળું, અધીરું
अविनाशिन् - નાશ નહીં પામે એવું, રૂપભેદ નહીં થાય તેવું
अव्यय - ફરે નહીં એવું, નિર્વિકાર
गहन - દુર્ગમ, ભેદાય કે પેંસાય નહીં એવું, ગહન
तिग्म - ઉગ્ર, સખ્ત
दुर्धर्ष - પાસે જવાય નહીં તેવું, દુર્ગમ
नित्य - હંમેશનું, સદાનું
निर्जन - મનુષ્ય રહિત, એકાંત
निचग - હલકા પુરુષનો આશ્રય કરનારું, હલકા પુરુષની પાસે હોય તે, નીચ જમીન પર વહેતું

नाम (B- ગુજરાતીનું संस्कृत)

पुंलिंग

પ્રસ્રવણ (પર્વતનું નામ છે) - **प्रस्रवण**
શ્યાપર્ણ (શ્યાપર્ણ નામના ગોરોના કુળનો એક વ્યક્તિ) - **श्यापर्ण**
સૌષદ્મન (રાજાનું નામ છે) - **सौषद्मन**

स्त्रीलिंग

કેળવણી - **विद्या**

नपुंसकलिंग

કુળ - **कुल**

विशेषण	सारी चालनुं - **सुचरित**
ઊંચું, આબરૂદાર - **विशिष्ट**	**विशेष**
ઊંચા અથવા આબરૂદાર કુળનું - **अभिजनवत्, कुलीन**	કોઈ કોઈ પ્રસંગે - **काले काले, प्रसङ्गवशात्**
સારી કેળવણીવાળું - **कृतविद्य, संस्कृतचित्त, सुविनीत**	કોઈ કોઈ વાર - **कदाचित्**
	તે પ્રમાણે - **तथा, इत्थम्**

स्वाध्याय

प्रश्न -१ संस्कृतनुं गुजरातीं करो.

१. यजमानो यज्ञकर्मर्त्विग्भिरारम्भयति ।
२. इन्द्रः स्वयशः किंनरमिथुनानि गापयामास ।
३. पुष्पमित्रो यजते याजकास्तं याजयन्ति ।
४. कृष्णवर्मा पुत्रेण ब्राह्मणेभ्यः प्रत्यहं शतं गा दापयति ।
५. जानकी रथमारोप्य जाह्नवीतीरमासाद्य रामाज्ञापितो लक्ष्मणस्तां विजहौ ।
६. प्रभुप्रसादलवोऽप्यधीरप्रकृतेर्दासजनस्य प्रागल्भ्यं जनयति ।
७. असुरस्य तिग्मतपसा प्रीतात्मा भगवाञ्शंकरः स्वीयं रूपं तं दर्शयामास ।
८. नगेन्द्रसक्तां दृष्टिं पार्श्वे कस्यापि क्रन्दितमाकर्ण्य राजा निवर्तयामास ।
९. अस्मिँल्लोकेऽनुष्ठितो धर्मस्तस्य कर्तारं स्वर्गलोकं प्रापयति ।
१०. ग्रीष्मकाले घर्मोऽङ्गानि ग्लपयति स्वेदं प्रवर्तयति तृष्णां परिवर्धयति च ।
११. बहिर्द्वारि प्रवृत्तमृषिकुमारकं प्रवेशयितुं प्रतिहारीमाज्ञापयामास राजा ।
१२. चिरनष्टमात्मनो बालकं दृष्ट्वा सा सुन्दरी भृशं रुरोद तं च दृढं परिष्वज्याश्रुभिः स्नपयामास ।
१३. शत्रूनगमयत्स्वर्गं वेदार्थं स्वानवेदयत् ।
१४. आशयच्चामृतं देवान्वेदमध्यापयद्विधिम् ।
आसयत्सलिले पृथ्वीं यः स मे श्रीहरिर्गतिः ॥
१५. रमयन्ति मनस्तावद्भावाः संसारसंभवाः ।
यावन्नश्रूयते साश्रुलोकफूत्कारकाहलः ॥
१६. स्वीयं यशः पौरुषं च गुप्तये कथितं च यत् ।

कृतं यदुपकाराय धर्मज्ञो न प्रकाशयेत् ॥

१७. वेदाविनाशिनं नित्यं य एनमजमव्ययम् ।
कथं स पुरुषः पार्थ कं घातयति हन्ति कम् ॥

१८. नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः ।
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ॥

१९. संयोजयति विद्यैव नीचगापि नरं सरित् ।
समुद्रमिव दुर्धर्षं नृपं भाग्यमतः परम् ॥

२०. यदि सत्याभिसंधस्त्वं राजन्नामं प्रवासय ।
नव पञ्च च वर्षाणि निर्जने गहने वने ॥

२१. युधिष्ठिरस्तु कौन्तेयो मयमाहूय सत्वरम् ।
कारयामास वै तेन सभामद्भुतदर्शनाम् ॥

२२. दृष्टिस्तृणीकृतजगन्नयसत्त्वसारा धीरोद्धता नमयतीव गतिर्धरित्रीम् ।
कौमारकेऽपि गिरिवद्गुरुतां दधानो वीरो रसः किमयमेत्युत दर्प एव ॥

પ્રશ્ન-૨ ગુજરાતીનું સંસ્કૃત કરો.

૧. રાજા બ્રાહ્મણો પાસે પૈસા લેવડાવે છે (**प्रति + ग्रह्**).

૨. વસિષ્ઠે દશરથ પાસે યજ્ઞ કરાવ્યો (**यज्**).

૩. બાજીરાજના પાપીકર્મો આપણને લજવે છે (**ह्री**).

૪. ઈન્દ્રે સ્વર્ગમાં અર્જુનને પોતાની ગાડીમાં માતલિ પાસે તેડાવ્યો (**आ+नी**).

૫. પહેલાં તે માણસો પાસે પોતાનામાં વિશ્વાસ મૂકાવે છે (**वि+श्वस्**) અને પછી તેમનો નાશ પમાડે છે.(**नश्, अव+सद्, ध्वंस्**)

૬. પોતાના ગુરુના હુકમથી (**आ+ज्ञा** પ્રેરક) તેણે રોજ ગાયોને ખવરાવ્યું (**चर्**) અને પાણી પીવરાવ્યું (**पा**).

૭. તેણે પ્રાતઃકર્મ પૂરું કર્યા પછી (**सम्+आप्** પ્રેરક) સોળ બ્રાહ્મણોને જમાડ્યા (**भुज्**) અને પછી પોતે ખાધું.

૮. ચૌદ વર્ષ વનમાં રામનું જવાનું થયું. તેણે દશરથનું મોત કરાવ્યું (**प्र+सञ्ज्**).

૯. જ્યાં પાંડવો અને ધૃતરાષ્ટ્રના પુત્રો લડતા હતા તે રણસંગ્રામમાં શું થયું તે સંજયે ધૃતરાષ્ટ્રને સંભળાવ્યું (**श्रु**).

૧૦. જે ભાઈઓને અને મિત્રોને પરસ્પર લડાવી મારે છે (**युध्**) અને વખતે માણસ

પાસે પોતાનું માથું પણ કપાવે છે (**छिद्**) તે અદૃષ્ટ જ છે.

૧૧. બાપે પોતાની છોકરીને સારી ચાલના, ઉંચા કુળના, સારી કેળવણીવાળા માણસને પરણાવવી જોઈએ (**परि + नी, वि + वह्, उद् + वह्**).

૧૨. આ છોકરાએ જે શ્લોકો ગાયા છે તે હું જ્યારે મારી પ્રિયા અને લક્ષ્મણ સાથે પ્રસ્રવણ પર્વતના શિખર પર રહેતો હતો તે સમય યાદ દેવડાવે છે (**स्मृ**).

૧૩. સૌષદ્મનના યજ્ઞમાં શ્યાપર્ણો ગયા અને વેદીની અંદર આસન લીધા ત્યારે રાજાએ તેને આસન પરથી ઉઠાડી મૂકવા પોતાના માણસને હુકમ કર્યો, તેઓએ તે પ્રમાણે તેમને ઉઠાડી મૂક્યા. તેમને ઉઠાડી (**उद्+स्था**) મૂક્યા ત્યારે તેઓએ મોટેથી બૂમ પાડી.

विषया विश्ववंचकाः । - વિષયો જગતને ઠગનાર છે.

भावना भवनाशिनी । - ભાવના ભવનો છેદ કરનારી છે.

न च धर्मो दयापरः । - દયાથી બીજો કોઇ શ્રેષ્ઠ ધર્મ નથી.

अहिंसा परमो धर्मः । - અહિંસા એ મહાન ધર્મ છે.

પાઠ - ૨૨

અદ્યતન ભૂતકાળ - પહેલો, બીજો અને ત્રીજો પ્રકાર

ભૂમિકા

૧.(A) કોઈ પણ કાળનો સંબંધ બતાવ્યા સિવાય થયેલી ક્રિયા દર્શાવવા અથવા તો તાજી થયેલી ક્રિયા બતાવવા કે આજનું કાર્ય બતાવવા માટે અદ્યતન ભૂતકાળ વપરાય છે.

(B) કથા આદિ કહેવામાં આ કાળ વપરાતો નથી.

૨. અદ્યતનમાં તમામ ધાતુઓ સાત પ્રકારમાં વિભાજિત થયેલ છે. તેમાંથી આ પાઠમાં આપણે એક થી ત્રણ પ્રકાર જોઈશું.

૩. હ્યસ્તન ભૂતકાળની જેમ આ કાળના દરેક પ્રકારમાં **अ** નિશાની ધાતુની પૂર્વે લગાડાય છે.

પ્રત્યયો

પહેલો પ્રકાર - પરસ્મૈપદ

	એકવચન	દ્વિવચન	બહુવચન
પુરુષ ૧	अम्	व	म
પુરુષ ૨	स्	तम्	त
પુરુષ ૩	त्	ताम्	उस्

બીજો પ્રકાર - પરસ્મૈપદ

	એકવચન	દ્વિવચન	બહુવચન
પુરુષ ૧	अम्	व	म
પુરુષ ૨	स्	तम्	त
પુરુષ ૩	त्	ताम्	अन्

આત્મનેપદ

	એકવચન	દ્વિવચન	બહુવચન
પુરુષ ૧	इ	वहि	महि
પુરુષ ૨	थास्	इथाम्	ध्वम्
પુરુષ ૩	त	इताम्	अन्त

ત્રીજો પ્રકાર - બીજા પ્રકાર મુજબ પ્રત્યયો જાણવા.

નિયમો

૧. જ્યારે અદ્યતન ભૂતકાળ નકારદર્શક **મા** અવ્યય સાથે આજ્ઞાર્થના અર્થમાં વપરાય છે ત્યારે ભૂતકાળની નિશાની **અ** લોપાય છે.

દા.ત. मा त्वं गमः । - તમે જાઓ નહિં.

પહેલો પ્રકાર

૧. આ પ્રકાર માત્ર પરસ્મૈપદી છે. પરસ્મૈપદીના **उस्** પ્રત્યય પૂર્વે ધાતુના અન્ત્ય **आ** નો લોપ થાય છે.

દા.त. दा = अदुः ।

૨. આ પ્રકારના ધાતુના આત્મનેપદી રૂપ ચોથા કે પાંચમા પ્રકાર પ્રમાણે થાય છે.

૩.(A) **पा** (પીવું), **स्था, दा, धा** અને બીજા ધાતુઓના **दा** અને **धा** અંગો થતા હોય એવા ધાતુઓ તથા **इ** (જવું) નો આદેશ થતો **गा** અને **भू** (થવું) આટલા ધાતુઓ આ પ્રકારના છે.

દા.ત. धा = अधात् । इ = अगात् ।

(B) **भू** માટે તૃ. પુ. બ. વ. નો પ્રત્યય **अन्** છે. સ્વરાદિ પ્રત્યય પૂર્વે **व** ઉમેરાય છે.

દા.ત. भू = अभूवन् ।

૪. **घ्रा, धे, शो, सो** અને **छो** વિકલ્પે પ્રથમ પ્રકારના છે. બીજા રૂપો છઠ્ઠા પ્રકાર પ્રમાણે થાય છે. **धे** ત્રીજા પ્રકારનો પણ છે.

દા.ત. शो = अशात् । धे = अधात् ।

બીજો પ્રકાર

૧.(A) દરેક ધાતુ પર **अ** લાગ્યા બાદ પ્રત્યય લાગે છે.

દા.ત. पुष् = अ + पुष् + अ + त् = अपुषत् ।

(B) **अ** થી શરૂ થતા પ્રત્યય પર આ **अ** લોપાય છે.

દા.ત. पुष् = अ + पुष् + अ + अन् = अपुषन् ।

(C) **व** અને **म** થી શરૂ થતા પ્રત્યય પૂર્વે **अ** નો **आ** થાય છે. તથા સ્વરની ગુણ-વૃદ્ધિ થતી નથી.

દા.ત. **पुष् = अपुषाव । अपुषाम ।**

૨. દીર્ઘ કે હ્રસ્વ **ऋ** કારાંત તથા **दृश्** ધાતુમાં ગુણ થાય છે.

દા.ત. **ऋ = आरम् । दृश् = अदर्शत् ।**

૩. ધાતુનો ઉપાન્ત્ય અનુનાસિક લોપાય છે.

દા.ત. **स्यन्द् = अस्यदत् ।**

૪.(A) નીચેના કેટલાક ઉપયોગી ધાતુઓ અવશ્ય બીજા પ્રકારમાં આવે છે.

(B) **अ** લગાડતા પૂર્વે કેટલાક ધાતુઓના જે રૂપ થાય છે તે કૌંસમાં આપેલા છે.

દા.ત. **अस् = आस्थ् + अम् = आस्थम् ।**

ધાતુ	અર્થ	ધાતુ	અર્થ
अस् (अस्थ्)	ફેંકવું	**पुष्** (ગ.૪)	પોષવું
आप्	મેળવવું	**भ्रम्** (ગ.૪)	ભટકવું
क्रुध्	ગુસ્સે થવું	**मद्**	ગાંડા થવું
क्लम्	થાકી જવું	**मुच्**	મૂકવું, છોડી દેવું
क्षम् (ગ.૪)	માફ કરવું	**लिप्**	લેપ કરવો
ख्या (ख्य्) ઉ.	કહેવું	**मुह्**	મોહ પામવો
गम्	જવું	**लुप्**	કાપવું
गृध्	લોભી થવું	**लुभ्** (ગ.૪.)	લોભ કરવો
घस्	ખાવું	**वच्(वोच्)** ઉ.	બોલવું
तम्	શરીરે અથવા મનથી દુઃખી થવું	**शक्**	શક્તિમાન થવું
तुष्	સંતોષ પામવું	**शद्**	નાશ પામવું
तृष्	તરસ્યા થવું	**शम्**	શાંત થવું
दम्	પાળવું	**शास् (शिष्)**	હુકમ કરવો
दुष्	દોષિત થવું	**शिष्**	સરખામણી કરવી
द्रुह्	ઈજા કરવી, વિશ્વાસઘાત કરવો	**शुध्**	શુદ્ધ કરવું
नश्	નાશ પામવું	**श्रम्**	શ્રમ લેવો
पत् (पम्)	પડવું	**श्लिष्** (ગ.૪)	ચોંટવું

पिष्	દળવું	सृप्	ચાલવું, પેટે ચાલવું
सद्	બેસવું, ખિન્ન થવું	स्निह्	સ્નેહ રાખવો
सिच्	સીંચવું	स्विद् (ગ.૪)	પરસેવો થવો
सिध् (ગ.૪.)	તૈયાર થવું	ह्वे (ह्व)	બોલાવવું
		हृष् (ગ.૩.)	ખુશ થવું

૫. लिप् (લેપવું), सिच् (સીંચવું) અને ह्वे (ह्व - બોલાવવું) આ ત્રણ ધાતુઓ જ્યારે આત્મનેપદી હોય છે ત્યારે વિકલ્પે આ પ્રકારના થાય છે.

૬. નીચેના કેટલાક ઉપયોગી ધાતુઓ આ પ્રકારમાં વિકલ્પે આવે છે. નિયમ ૪ - B જુઓ.

ધાતુ	અર્થ	ધાતુ	અર્થ
क्षुद्	ભૂકો કરવો	युज्	જોડવું
घुष्	જાહેર કરવું	रिच्	ખાલી કરવું
च्युत्	ટપકવું	रुद्	રડવું
छिद्	કાપવું	रुध्	અટકાવવું
जॄ (जर्)	ઘરડા થવું	विच्	જુદું કરવું
तृप्	સંતોષ પામવું	शुच् (ગ.૪)	ચોખ્ખું કરવું
दृप्	મગરૂર થવું	श्वि (श्व)	ઉપસવું
दृश् (दर्श्)	જોવું	स्कन्द्	કુદકો મારવો
निज्	સાફ કરવું	स्तम्भ्	રોકવું, રૂંધવું
बुध्	જાણવું	स्फुट् (ગ.૧)	ભાંગવું
भिद्	ભેદવું		

૭. નીચેના કેટલાક ઉપયોગી ધાતુઓ આત્મનેપદી હોવા છતાં પણ જ્યારે આ પ્રકારના થાય છે. ત્યારે તે પરસ્મૈપદી થાય છે.

ધાતુ	અર્થ	ધાતુ	અર્થ
क्लृप्	બનાવવું, ના તરફ વલણ હોવું	वृत्	થવું, હોવું

क्षुभ्	ખળભળવું	वृध्	વધવું
द्युत्	પ્રકાશવું	शुभ्	પ્રકાશવું, સ્વચ્છ દેખાવું
ध्वंस्	નાશ પામવું	स्यन्द्	પડવું, વહેવું
भ्रंश्	પડવું	स्रंस्	નીચે પડવું
रुच्	પ્રકાશવું	स्विद्	પરસેવો થવો

૮. (A) **श्रि** વિકલ્પે ત્રીજા અને પાંચમા પ્રકારનો છે.

(B) બીજા ધાતુઓ ચોથા અને પાંચમા પ્રકારના અનિટ્-સેટ્ હોય તે મુજબ થાય છે.

(C) જ્યારે **श्लिष्** નો અર્થ 'ભેટવું' એવો થાય છે ત્યારે તે સાતમા પ્રકારનો છે.

૯. નિયમ ૮ માં આપેલા જે ધાતુઓ આત્મનેપદી છે તે આત્મનેપદમાં ચોથા અને પાંચમા પ્રકારના પણ છે.

ત્રીજો પ્રકાર

૧. દશમા ગણના અને પ્રેરક રૂપ થયેલા ધાતુઓના આ કાળના રૂપો આ પ્રકાર મુજબ થાય છે. આ પ્રકાર ઉભયપદી છે.

૨. (A) દશમા ગણના તથા પ્રેરક ધાતુના અંગમાંથી **अय** લોપાય છે.

(B) ઉપાન્ત્ય સ્વર હ્રસ્વ થાય છે.

(C) ધાતુની દ્વિરૂક્તિ સામાન્ય નિયમ પ્રમાણે થાય છે.

(D) જો ધાતુમાં દ્વિરૂક્ત થયેલા સ્વરયુક્ત વ્યંજનની પછીનો સ્વર યુક્ત વ્યંજન હ્રસ્વ હોય અને જોડાક્ષરને લીધે પણ દીર્ઘ ન હોય તો દ્વિરૂક્ત વ્યંજનના **अ** નો **इ** થાય છે.

(E) સ્વર સામાન્ય રીતે હ્રસ્વ હોય અને જોડાક્ષરને લીધે દીર્ઘ ન હોય તો દીર્ઘ થાય છે.

(F) આવા તૈયાર અંગને **अ** લગાડી બીજા પ્રકાર પ્રમાણે ભ્ય. ભૂ. કા. ના પ્રત્યયો લગાડવા.

દા.ત. ભૂ = **भावय** (પ્રેરક) = (A) પરથી **भाव्** = (B) પરથી **भव्** =

(C) પરથી **बभव्** = (D) પરથી **बिभव्** = (E) પરથી **बीभव्** = (F) *પરથી* ***अबीभवत्*** *।* ***स्पन्द्*** *=* ***स्पन्दय*** *(પ્રેરક) =* ***स्पन्द्*** *=* ***पस्पन्द्*** *=* ***अपस्पन्दत्*** *।* ***स्खल्*** *=* ***स्खलय*** *(પ્રેરક) =* ***स्खल्*** *=* ***चस्खल्*** *=* ***चिस्खल्*** *=* ***अचिस्खलत्*** *।*

૩. (A) સ્વરાદિ ધાતુમાં પછીના વ્યંજનની સ્વર સહિત દ્વિરુક્તિ કરી દ્વિરુક્ત વ્યંજનમાં **इ** લગાડવી.

દા.ત. **अट्** = **आटिटत्** ।

(B) સ્વરાદિ ધાતુમાં સ્વર પછીનો વ્યંજન સંયુક્ત હોય અને તેમાં પ્રથમ વર્ણ **न्, द्** કે **र्** હોય તો તેની દ્વિરુક્તિ ન કરતાં પાછળના વ્યંજનની દ્વિરુક્તિ કરવી.

દા.ત. **अर्ह्** = **अर्हह्** = **अर्जह्** = **आर्जिह्** = **आर्जिहत्** ।

उब्ज् = **औब्जिजत्** । **उन्द्** = **उन्दद्** = **उन्दिद्** = **औन्दिदत्** ।

૪. (A) હ્રસ્વ કે દીર્ઘ **उ** અંતે હોય તેવા ધાતુમાં દ્વિરુક્ત વ્યંજનમાં **इ** ને બદલે તે જ સ્વર મૂકાય છે. પણ જો તેની પછી **अ** કે **आ** અંતે હોય તેવા ઓષ્ઠ્ય, અંતઃસ્થ કે **ज्** વ્યંજન હોય તો અભ્યાસનો **उ** ન થતાં **इ** થાય છે.

દા.ત. **कु** = **कावय** = **काव्** = **कव्** = **चकव्** = **अचूकवत्** ।

પરંતુ, **भू** = **अबीभवत्** । અને **पू** = **अपीपवत्** ।

(B) **स्नु, श्रु, द्रु, प्रु, प्लु** અને **च्यु** ધાતુમાં **इ** વિકલ્પે રખાય છે.

દા.ત. **श्रु** = **श्राव्** = **श्रव्** = **शश्रव्** = **अशिश्रवत्/अशुश्रवत्** ।

૧. **भ्राज्, भाष्, भास्, दीप्, जीव्, मील्, पीड्, ह्वे, लुठ्, लुप्, कण्, चण्, रण्, बण्, भण्, श्रण्, हद्** અને **लुद्** ધાતુમાં ઉપાન્ત્ય સ્વર વિકલ્પે હ્રસ્વ થાય છે.

દા.ત. **पीड्** = **पीडय** (પ્રેરક) = **पीड्** = **पिपीड्** = **अपिपीडत्** । અથવા

पीड् = **पिड्** = **पिपिड्** = **पीपिड्** = **अपीपिडत्** ।

:. **कथ्, वर्, शठ्, रह्, स्पृह्, सूच्, मृग्, ध्वन्** અને **पार्** ધાતુમાં નિયમ ૨ ના B, D, E વગેરે ફેરફારો થતા નથી.

દા.ત. **कथ्** = **अचकथत्** । **वर्** = **अववरत्** ।

૭. (A) स्मृ, दृ , त्वर्, प्रथ्, म्रद्, स्तृ અને स्पृश् ધાતુની દ્વિરુક્તિમાં अ નો इ ન થાય. તેમજ સ્વર પણ દીર્ઘ ન થાય.

દા.ત. स्मृ = असस्मरत् । दृ = अददरत्

(B) वेष्ट् અને चेष्ट् ધાતુમાં વિકલ્પે इ લાગે છે.

દા.ત. वेष्ट् = अववेष्टत्/अविवेष्टत् ।

(C) गण् ધાતુમાં વિકલ્પે ફેરફાર થાય છે.

દા.ત. अजगणत् / अजीगणत् ।

૮. (A) श्रि, द्रु અને स्रु ધાતુઓ મૂળ રૂપમાં આ પ્રકારમાં આવે છે.

દા.ત. श्रि = शिश्रि+अत् = अशिश्रियत् ।

(B) श्रि વિકલ્પે આ પ્રકાર લે છે.

(C) धे ની દ્વિરુક્તિ થયા પછી आ લોપાય છે. આમાં અભ્યાસ થવો એ જ જરૂરનું છે.

દા.ત. धे = अदधत् ।

૯. આદેશ થઈને થતા રૂપો,

स्था = अतिष्ठिपत् । पा = अपीप्यत् । घ्रा = अजिघ्रपत्/अजिघ्रिपत्

अधि+इ (ભણવું) = अध्यायिपत्/अध्यजीगपत् ।

चकास् = अचीचकासत् / अचचकासत् । વગેરે

૧૦. ધાતુનો ઉપાન્ત્ય હ્રસ્વ ऋ વિકલ્પે કાયમ રહે છે અને દીર્ઘ ॠ વિકલ્પે હ્રસ્વ થાય છે.

દા.ત. वृत् = वर्तय् = वर्त् કે वृत् । वर्त् = ववर्त = अववर्तत् ।
वृत् = वृवृत् = ववृत् = विवृत् = अवीवृतत् ।
कृत् = कीर्त કે कृत् । कीर्त = अचिकीर्तत् । कृत् = अचीकृतत् ।

૧૧. लोक्, लोच्, शास्, श्लाघ्, बाध्, सेव्, वेप्, एज्, लाघ्, राध्, ताय्, दाश्, याच् અને राज् ધાતુનો ઉપાન્ત્ય સ્વર હ્રસ્વ થતો નથી.

દા.ત. लोक् = अलुलोकत् । ताय् = अततायत् ।

शास् = अशशासत् । एज् = एजिजत् ।

૧૨. (A) ह्वे અને स्वप् પ્રેરક અદ્યતનમાં हु અને सुप् તરીકે ગણી રૂપો કરવા.

દા.ત. ह्वे = हु = अजूहवत् / अजुहावत् । स्वप् = असूषुपत्

(B) श्वि નું વિકલ્પે शु થાય છે.

દા.ત. अशूशवत् / अशिश्वयत् ।

રૂપાખ્યાન

પહેલો પ્રકાર - પરસ્મૈપદ

दा - આપવું

	એકવચન	દ્વિવચન	બહુવચન
પુરુષ ૧	अदाम्	अदाव	अदाम
પુરુષ ૨	अदाः	अदातम्	अदात
પુરુષ ૩	अदात्	अदाताम्	अदुः

पुष् - ગ.૪ પોસવું

બીજો પ્રકાર - પરસ્મૈપદ

	એકવચન	દ્વિવચન	બહુવચન
પુરુષ ૧	अपुषम्	अपुषाव	अपुषाम
પુરુષ ૨	अपुषः	अपुषतम्	अपुषत
પુરુષ ૩	अपुषत्	अपुषताम्	अपुषन्

वच् (वोच्) - ઉ. બોલવું

બીજો પ્રકાર - આત્મનેપદ

	એકવચન	દ્વિવચન	બહુવચન
પુરુષ ૧	अवोचे	अवोचावहि	अवोचामहि
પુરુષ ૨	अवोचथाः	अवोचेथाम्	अवोचध्वम्
પુરુષ ૩	अवोचत	अवोचेताम्	अवोचन्त

हृ - ઉ. લઈ જવું

ત્રીજો પ્રકાર - પરસ્મૈપદ

	એકવચન	દ્વિવચન	બહુવચન
પુરુષ ૧	अजीहरम्	अजीहराव	अजीहराम
પુરુષ ૨	अजीहरः	अजीहरतम्	अजीहरत
પુરુષ ૩	अजीहरत्	अजीहरताम्	अजीहरन्

आत्मनेपद

	એકવચન	દ્વિવચન	બહુવચન
પુરુષ ૧	अजीहरे	अजीहरावहि	अजीहरामहि
પુરુષ ૨	अजीहरथाः	अजीहरेथाम्	अजीहरध्वम्
પુરુષ ૩	अजीहरत	अजीहरेताम्	अजीहरन्त

ધાતુઓ

પહેલો ગણ

प्रति+इ - ૫. ખાતરી કરવી (પ્રેરક)
ताय् - આ. ફેલાવવું
धे - ૫. ધાવવું, પીવું
उद् + धृ - ૩. ખેંચી કાઢવું, ઉદ્ધાર કરવો
ध्वन् - ૫. અવાજ કરવો
भ्रंश् - આ. પડવું (ગ.૪, પર.)
प्र + वृत् - આ. (પ્રેરકમાં) દાખલ કરવું, પ્રવર્તાવવું
सम् + आ + सद् - ૫. મેળવવું, મળવું, જડવું

બીજો ગણ

निर् + इ- ૫. નીકળવું

ચોથો ગણ

निर् + अस् - ૫. રદ કરવું, કાઢી નાખવું
दीप् - આ. પ્રકાશવું, દીપવું
स्निह् - ૫. ચાહવું

દશમો ગણ

मृग् - આ. શોધવું, ખોળવું
रह् - છોડી દેવું
वर् - વરવું, પસંદ કરવું
शठ् - ઠગવું, છેતરવું
सूच् - સૂચવવું

નામ (A- સંસ્કૃતનું ગુજરાતી)

પુંલિંગ

अनुचर - ચાકર, નોકર
अष्टावक्र - પુરુષનું નામ છે
आप्त - મિત્ર, હિત ઇચ્છનાર

कुम्भकर्ण - રાવણના એક ભાઈનું નામ છે.
गार्हपत्य - ગૃહસ્થ હંમેશાં જે પવિત્ર અગ્નિ રાખે છે તે અગ્નિનું નામ છે, ગૃહકૃત્ય
परिवार - ચાકર માણસનું ટોળું
पलाश - એક જાતનું ઝાડ છે.
पुरंधि - એક દેવતાનું નામ છે.
बोध - જગાડવું તે
भग - એક દેવતાનું નામ છે.
मण्डप - માંડવો (લગ્ન વિગેરે ઉત્સવ પ્રસંગે કરેલો)
मनोरथ - ઈચ્છા
मरुतात्मज - વાયુપુત્ર, હનુમાન્, મારૂતિ
वटवृक्ष - વડનું ઝાડ
सवितृ - સૂર્ય
स्वामिन् - માલીક, ધણી

स्त्रीलिंग

आली - ઓળ, પંક્તિ
मराली - રાજહંસી
सरणि (सरणी) - રસ્તો, વસ્તુઓની રચના અથવા ગોઠવણી

नपुंसकलिंग

अब्ज -કમળ

विशेषण

अनाथ - લાચાર, ધણી વગરનું, આશ્રયહીન
अवहित - (**अव+धा** નું કર્મ. ભૂ. કૃ.) ધ્યાન રાખેલું, સાવધ
करुण - શોકકારક
कल्पित - (**क्लृप्** નું પ્રેરક કર્મ.ભૂ. કૃ.) યોજેલું, બનાવેલું
गन्तुकाम - જવાનું ઈચ્છનાર
तद्विषयक - તેને લગતું
नवीन - નવું
समाकुल - રોકાયેલું, પૂર્ણ
समाहृत - (**सम्+आ+हृ** નું કર્મ. ભૂ. કૃ.) એકઠું કરેલું

नाम (B- ગુજરાતી નું संस्कृत)

पुंलिंग

ભૂત - **प्रेत, वेताल, पिशाच**
વિચાર - **विश्वास**
હાર (લશ્કરની હાર, સેનાની રચના) - **व्यूह**
હોવાપણું - **भाव**

स्त्रीलिंग

વિચાર - **श्रद्धा**

नपुंसकलिंग

લૂંટ - **लोप्त्र, लुण्ठन**
હોવાપણું - **अस्तित्व**

વિશેષણ	મૂળ વગરનું - निर्मूल
અમર - अमृत (अ+मृ નું કર્મ. ભૂ. કૃ.), अमर	અવ્યવ હજી પણ - अद्यापि

સ્વાધ્યાય

પ્રશ્ન - ૧ संस्कृतनुं गुજરાती કરો

૧. काशीं गन्तुकामः श्रीनगरान्निरगात्पण्डितः सह परिवारेण ।
૨. भगो अर्यमा सविता पुरंधिर्मह्यं त्वादुर्गार्हपत्याय देवाः ।
૩. तस्मिन्गुर्वनुचरे गृहं प्रविष्टे यूयं किमधुनोदस्थात । गुरुरयमिति मत्वा ।
૪. अस्मिन्निर्जने वने नष्टमश्वमियन्तं कालमन्विष्यन्नपि न समासदम् ।
૫. इदमाम्रफलं वृक्षादपप्तत् । यदि रोचते गृहीत्वा स्वादस्व ।
૬. हे गङ्गे ! यदीदृशेभ्यः पापेभ्यो मामुददीधरस्ततः सत्यमनाथशरणमसि विष्णुपदपङ्कजोद्भवासि ।
૭. प्रातरारभ्य पञ्चसप्तति वृक्षानसिचाम ।
૮. वत्सस्य मरणेन तद्विषयकाः सर्वे मनोरथा मेऽध्वसन् ।
૯. क्रीडार्थमुपवनमगमतां दंपती तयोर्निवृत्तयोरात्मनः करुणवार्ता कथय ।
૧૦. इयं बालिका दुःखवार्तां श्रुत्वामुहत् । आश्वासयैनामुदकेन च सिञ्च ।
૧૧. इमं ग्राममागच्छन्तौ भवन्निर्दिष्टे गहने वने नानापक्षिगणसमाकुलं महावटवृक्षं तमदर्शाव ।
૧૨. उपाध्यायो देवानपूपुजदधुनातिथयो यथेष्टं भुञ्जताम् ।
૧૩. अस्मिन्मण्डपे समाहूतान्ब्राह्मणानहमजगणम् । पञ्च शतानि तेषां वर्तन्ते । एतेभ्योऽधुना दक्षिणां दातुमारभस्व ।
૧૪. मच्चिन्तिता सरणिर्वरीयसेऽधिकारिणे नारुचदतः स तां निरास्थन्नवीनां च स्वयं कल्पितां प्रावीवृतत् ।
૧૫. किं यूयमवोचत । पुनरपि कथयत नाहमवहितोऽभूवम् ।
૧૬. प्रातिष्ठिपत्स बोधार्थं कुम्भकर्णस्य राक्षसान् ।
૧૭. राघवस्यामुषः कान्तामाप्तैरुक्तो न चार्पिपः ।
૧૮. मुष्टिनाददरत्तस्य मूर्धानं मारुतात्मजः ।

૧૯. मुक्त्वा निःश्रीकमप्यब्जं मराली न गतान्यतः ।
भ्रमराली त्वगाद्वेगादिदं सदसदन्तरम् ॥

પ્રશ્ન - ૨ ગુજરાતીનું સંસ્કૃત કરો

૧. અમે સોમરસ પીધો (**पा**) છે અને અમર થયા છીએ (**भू**).
૨. દેવદત્તે આ સોનું તોલ્યું છે (**तुल्**) એનાં ઘરેણાં કરો.
૩. કલિંગના રાજાએ પાટલિપુત્રને ઘેર્યું છે (**रुध्**) પણ તેમાં ઘણા સૈનિકો હારમાંથી છૂટા થયા છે (**भ्रंश्**) અને લૂંટ શોધે છે.
૪. અષ્ટાવક્ર બાર ગાઉથી આવતાં હવે થાક્યો છે (**श्रम्**), તેને અન્ન પાણી આપો.
૫. ભૂત છે એવો મારો વિચાર નપગો છે, એવી મારી ખાતરી તે કરી શક્યો નથી (**शक्**).
૬. પ્રધાને દેશપર ન્યાયથી અમલ કર્યો છે (**शास्**), બધી પ્રજા તેને ચાહે છે.
૭. ગોવિન્દે આખો દિવસ ખોવાયેલી ચોપડી શોધી પણ તે ન જડી (**अधि + गम्, सम् + आ + सद्**).
૮. યજ્ઞસ્થંભ કરવા અમે પલાશની ડાળી કાપી નાંખી છે (**छिद्**).
૯. હજી તમે તમારા હાથ ધોયા નથી (**क्षल्**) ?
૧૦. મારા છોકરાને ઉને પાણીએ નવડાવ્યા (**स्ना** પ્રેરક).
૧૧. મેં (**वच्**) કહ્યું તે પ્રમાણે તેં હજી પણ પાણી ઉનું કર્યું નથી (**तप्** પ્રેરક) ?
૧૨. માલીક મરી જવાથી તેઓએ ઘર તોડી પડાવ્યું (**उद् + सद्** પ્રેરક કે **नश्** પ્રેરક) અને તેના લુગડા બાળી નંખાવ્યા છે (**दह्** પ્રેરક).

देशत्यागश्च दुर्जनात् । - દુર્જનથી દેશ ત્યાગ કરવો.

विनयेन विद्या ग्राह्या । - વિનયથી વિદ્યા ગ્રહણ કરવી.

પાઠ ૨૩

અદ્યતન ભૂતકાળ - છઠ્ઠો અને સાતમો પ્રકાર

પ્રત્યયો

છઠ્ઠો પ્રકાર - પરસ્મૈપદ

	એકવચન	દ્વિવચન	બહુવચન
પુરુષ ૧	**सिषम्**	**सिष्व**	**सिष्म**
પુરુષ ૨	**सीः**	**सिष्टम्**	**सिष्ट**
પુરુષ ૩	**सीत्**	**सिष्टाम्**	**सिषुः**

સાતમો પ્રકાર - પરસ્મૈપદ

	એકવચન	દ્વિવચન	બહુવચન
પુરુષ ૧	**सम्**	**साव**	**साम**
પુરુષ ૨	**सः**	**सतम्**	**सत**
પુરુષ ૩	**सत्**	**सताम्**	**सन्**

આત્મનેપદ

	એકવચન	દ્વિવચન	બહુવચન
પુરુષ ૧	**सि**	**सावहि**	**सामहि**
પુરુષ ૨	**सथाः**	**साथाम्**	**सध्वम्**
પુરુષ ૩	**सत**	**साताम्**	**सन्त**

ફોર્મ્યુલા - ૧. (A) છઠ્ઠા પ્રકારમાં **अस्** ધાતુના લ્ય.ભૂ.કા.ના રૂપોમાંથી **आ** નો લોપ કરી પૂર્વે **सि** લગાડાઈ છે. **स्** નો **ष्** માં ફેરફાર થાય છે.

(B) **सन्** ને બદલે **सुस्** તૃ.પુ.બ.વ. નો પ્રત્યય ગણવો અને દ્વિ. અને તૃ.પુ.એ.વ.માં **सि** લગાડાઈ નથી.

૨. (A) સાતમા પ્રકારમાં **अस्** ના બીજા પ્રકારના રૂપો ધાતુને લગાડવામાં આવે છે. **अस्** નો **अ** લોપવામાં આવે છે, બીજા શબ્દોમાં **स्** ને **अ** લગાવી

તેને કેટલાક ફેરફાર સાથે ह्य.भू.का.ना પ્રત્યય લગાડવામાં આવે છે. આ રૂપો પ્રત્યય તરીકે ગણાઈ ધાતુને લગાડાય છે.

નિયમો

છઠ્ઠો પ્રકાર

૧. આ પ્રકાર માત્ર પરસ્મૈપદી છે.

૨. **आ** કારાંત ધાતુઓ (નિયમથી થતા હોય તો પણ) તથા **यम्, रम्** અને **नम्** ધાતુઓ આ પ્રકારના છે.

દા.ત. **ग्लै = अग्लासीत् । मी = अमासीत् ।**
शो = अशासीत् । यम् = अयंसीत् ।

સાતમો પ્રકાર

૧. આ પ્રકાર ઉભયપદી છે.

૨. ઉષ્માક્ષર કે **ह्** અંતવાળા અનિટ્ ધાતુઓ, જેમાં ઉપાંત્ય **इ, उ, ऋ** કે **ऌ** હોય તો તેના રૂપો આ પ્રકાર મુજબ થાય છે.

દા.ત. **लिह् = अलिक्षत् ।**

અપવાદ - **दृश्** ધાતુને આ નિયમ લાગતો નથી.

૩. **स्पृश्, मृश्** અને **कृष्** વિકલ્પે આ પ્રકારના છે.

દા.ત. **स्पृश् = अस्पृक्षत् ।**

૪. **दुह्, दिह्, लिह्** અને **गुह्** ધાતુઓ આત્મનેપદમાં હોય ત્યારે,
(A) પ્ર.પુ.દ્વિ.વ., (B) દ્વિ.પુ.એ.વ. અને બ.વ. તથા
(C) તૃ.પુ.એ.વ. ના પ્રત્યયોમાંથી **स** નો વિકલ્પે લોપ થાય છે.

દા.ત. **दिह् = अधिक्षावहि/अदिह्वहि ।** (પ્ર.પુ.દ્વિ.વ.), **अधिक्षथाः/अदिग्धाः ।** (દ્વિ.પુ.એ.વ.), **अदिक्षध्वम् / अधिग्ध्वम् ।** (દ્વિ.પુ.બ.વ.), **अधिक्षत / अदिग्ध ।** (તૃ.પુ.એ.વ.)

રૂપાખ્યાન

છઠ્ઠો પ્રકાર

ग्लै - થાકવું

	એકવચન	દ્વિવચન	બહુવચન
પુરુષ ૧	**अग्लासिषम्**	**अग्लासिष्व**	**अग्लासिष्म**
પુરુષ ૨	**अग्लासीः**	**अग्लासिष्टम्**	**अग्लासिष्ट**
પુરુષ ૩	**अग्लासीत्**	**अग्लासिष्टाम्**	**अग्लासिषुः**

સાતમો પ્રકાર - પરસ્મૈપદ

लिह् - ૩. ચાટવું

	એકવચન	દ્વિવચન	બહુવચન
પુરુષ ૧	**अलिक्षम्**	**अलिक्षाव**	**अलिक्षाम**
પુરુષ ૨	**अलिक्षः**	**अलिक्षतम्**	**अलिक्षत**
પુરુષ ૩	**अलिक्षत्**	**अलिक्षताम्**	**अलिक्षन्**

આત્મનેપદ

	એકવચન	દ્વિવચન	બહુવચન
પુરુષ ૧	**अलीक्षि**	**अलिक्षावहि/अलिह्वहि**	**अलिक्षामहि**
પુરુષ ૨	**अलिक्षथाः/अलीढाः**	**अलिक्षाथाम्**	**अलिक्षध्वम्/अलीढ्वम्**
પુરુષ ૩	**अलिक्षत/अलीढ**	**अलिक्षाताम्**	**अलिक्षन्त**

ધાતુઓ

પહેલોગણ

अभि+गम् - ૫. સામા જવું
वृष् - ૫. વરસવું

ચોથોગણ

द्रुह् - ૫. દગલબાજ થવું
सो - ૫. અંત આવવો,
परि+अव+सो - પરિણામ થવો.

નામ (A - संस्कृतनुं गुजराती)

પુંલિંગ

अस्त - *સૂર્યનું આથમવું તે.*

पर्जन्य- વરસાદ
भाग - ભાગ
वेणु- વાંસ

સ્ત્રીલિંગ

આર્દ્રા - ચન્દ્રનું છઠ્ઠું નક્ષત્ર
આહુતિ - યજ્ઞનું બલિદાન
ઇતિકર્તવ્યતા - કંઈક કરવાની રીત
ગૃહદેવતા - કુળદેવતા, ઘરનો દેવ
ધમની - ભુંગળી
સાવિત્રી- ઋગ્વેદનો પવિત્ર મન્ત્ર, એને બહુધા ગાયત્રી કહે છે, એનો સર્વ બ્રાહ્મણો દરરોજ જપ કરે છે.

નપુંસકલિંગ

અનુષ્ઠાન - કરવું તે, બજાવવું તે
તિમિર - અંધારું
નિત્યકર્મન્ - નિત્ય કરવાનું ધર્મકાર્ય
રિક્થ - માલ-મિલ્કત, ધન
સંપાદન - પૂર્ણ કરવું તે, સિદ્ધ કરવું તે

વિશેષણ

આવૃત - (**આ+વૃ** નું કર્મ. ભૂ.કૃ.) ભરેલું, ઢાંકેલું
આસન્નમરણ - (**આસન્ન** - વિશે. પાસેનું + **મરણ** - ન. મોત) જેનું મોત પાસે આવ્યું હોય તે, ચોકે નાંખેલું
કરણીય - (વિધ્યર્થ કૃ.) જે કરવાનું હોય તે
પ્રદીપ્ત - (**પ્ર+દીપ્** નું ભૂ.કૃ.) ચકચકિત પ્રકાશતું
રુચિકર - સ્વાદિષ્ટ
વન્દિતવ્ય - (**વન્દ્** નું વિધ્યર્થ કૃ.) નમવા યોગ્ય
સમાન - બરોબરિયું

નામ (B- ગુજરાતીનું સંસ્કૃત)

પુંલિંગ

ચન્દ્રકેતુ (રામના ભાઈ લક્ષ્મણનો પુત્ર) - **चन्द्रकेतु**
વૈદકશાસ્ત્ર - **आयुर्वेद**

સ્ત્રીલિંગ

ઈજા - **पीडा**

નપુંસકલિંગ

ઈજા - **संकट**
ધર્મશાસ્ત્ર - **धर्मशास्त्र**
વૈદકશાસ્ત્ર - **वैद्यक**

વિશેષણ

વધારે શોકકારક - **दुःखतर**
સુગંધિદાર - **सुरभि**

ક્રિયાવિશેષણ

છાતીફાટ - **प्रमुक्तकण्ठम्**

સ્વાધ્યાય

પ્રશ્ન - ૧ સંસ્કૃતનું ગુજરાતી કરો

૧. नित्यकर्मानुष्ठानायास्त्रासीस्तच्छूद्रादीन्मा स्पृक्षः ।

૨. वेणुधमन्याग्निमध्मासिषम् । तदस्मिन्प्रदीप्ते वह्नावाहुतीः प्रास्य ।

૩. भोः पुरोहित भवदाज्ञामनुसृत्य बटवेऽहं सावित्रीमुपादिक्षम् । तदधुनान्यत्करणीयं दर्शय ।

૪. विवाहविधेरितिकर्तव्यतामत्रत्या ब्राह्मणा नाज्ञासिषुस्तो मां तत्संपादनायाह्वन् ।

૫. अस्तमयासीद्रविस्तिमिरेणावृतं नभः । तत्किमद्यापि गां नाधुक्षत पयः ।

૬. कृषीवला भूमिमकृक्षन्पर्रं त्वार्द्रासु स्थितेऽपि सूर्ये पर्जन्यो न वर्षति ।

૭. *मा वयं भ्रातरः परस्परं द्विक्षामेत्यस्माकं पितासन्नमरणो रिक्थस्य समानांश्चतुरो* भागानकसेत् ।

૮. महाकार्यारम्भे देवो गुरुजनश्च वन्दितव्य इति वचनमनुरुध्य गृहदेवतां मातरं पितरमन्यांश्च वृद्धान्प्राणंसिष्म ।

૯. कूपतडागादिनिर्माणाय महन्तो यत्ना युष्माभिः कृतास्ते कस्मिन्पर्यवासासिषुः ।

૧૦. इदं मधु किं नालिक्षः । रुचिकरमेतत् ।

પ્રશ્ન - ૨ ગુજરાતીનું સંસ્કૃત કરો

૧. તે પોતાના છોકરાને ભેટ્યો (**श्लिष्**) અને છાતીફાટ રડ્યો (**रुद्**).

૨. અમે અમારા ઘોડાપર ચઢ્યા છીએ (**आ+रुह्**) અને શત્રુ સામા જઈએ છીએ.

૩. ગઈ કાલે આણેલા ફુલો કરમાઈ ગયા છે (**म्लै**) તેમને ફેંકી દો અને નવા આણો.

૪. ચંદ્રકેતુ અને લવ કેવી રીતે એક બીજા સાથે લડ્યા તે કહીને અને રામે તેમને શાંત રહેવા કેવી રીતે આજ્ઞા કરી તે કહીને અટક્યો(**वि+रम्** પરસ્મૈ.).

૫. મેં હજી વિચાર કર્યો નથી કે કયું મારે માટે સારું પડશે, કાયદાનો અભ્યાસ કે વૈદકનો (**वि+मृश्**) ?

૬. તમે પુષ્પ સુંઘ્યું (**घ्रा**) ! તે ઘણું સુગન્ધિ છે.

૭. રાજા ગાદીપર બેઠો છે (**उप+विष्**) અને પ્રધાનોની સલાહ લે છે.

૮. અમે તમને આટલા વખત સુધી સંકટમાંથી કે ઈજામાંથી બચાવ્યા (**त्रा**) અને હવે દગલબાજ થાઓ છો, બીજું શું વધારે શોકજનક થઈ પડે ?

૯. જે સ્ત્રીએ તને અણગમતું કોઈ દિવસ કંઈ પણ કર્યું નથી તેને તેં કેમ તજી દીધી (**हा**) ?

પાઠ - ૨૪

અદ્યતન ભૂતકાળ - ચોથો અને પાંચમો પ્રકાર તથા આશીર્વાદાર્થ

ભૂમિકા

૧. **(A)** ધાતુ બીજા કોઈ પણ પ્રકારમાં ગણાયા ન હોય તે આ બેમાંથી કોઈ પણ પ્રકારના હોય છે.

(B) તે જ પ્રમાણે કોઈ ધાતુ બીજા કોઈ પણ પ્રકારનો વિકલ્પે હોય કે પરસ્મૈપદમાં જ હોય તો તેનો બીજો પ્રકાર કે આત્મનેપદના રૂપો આ બેમાંથી એક રીતે થાય છે.

પ્રત્યયો

ચોથો પ્રકાર - પરસ્મૈપદ

	એકવચન	દ્વિવચન	બહુવચન
પુરુષ ૧	**सम्**	**स्व**	**स्म**
પુરુષ ૨	**सीः**	**स्तम्**	**स्त**
પુરુષ ૩	**सीत्**	**स्ताम्**	**सुः**

આત્મનેપદ

	એકવચન	દ્વિવચન	બહુવચન
પુરુષ ૧	**सि**	**स्वहि**	**स्महि**
પુરુષ ૨	**स्थाः**	**साथाम्**	**ध्वम्**
પુરુષ૩	**स्त**	**साताम्**	**सत**

પાંચમો પ્રકાર - પરસ્મૈપદ

	એકવચન	દ્વિવચન	બહુવચન
પુરુષ ૧	**इषम्**	**इष्व**	**इष्म**
પુરુષ ૨	**ईः**	**इष्टम्**	**इष्ट**
પુરુષ૩	**ईत्**	**इष्टाम्**	**इषुः**

આત્મનેપદ

	એકવચન	દ્વિવચન	બહુવચન
પુરુષ ૧	**इषि**	**इष्वहि**	**इष्महि**
પુરુષ ૨	**इष्ठाः**	**इषाथाम्**	**इध्वम्**
પુરુષ૩	**इष्ट**	**इषाताम्**	**इषत**

ફોર્મ્યુલા - ૧. (A) ચોથા પ્રકારમાં **अस्** (હોવું) ના ह्य. ભૂ. કા. ના રૂપોની નિશાની **आ** નો લોપ કરી પ્રત્યય તરીકે ધાતુને લગાડવામાં આવે છે.

(B) તૃ.પુ.બ.વ. **सन्** ને બદલે **सुः** છે.

૨. પાંચમા પ્રકારમાં જ્યારે પૂર્વે **इ** આવે છે ત્યારે દ્વિ.પુ અને તૃ.પુ.એ.વ.માં **स्** લોપાય છે.

૩. **ध्वे** નો **ढ्वे** થવાનો નિયમ આ કાળમાં **ध्वम्** માં પણ લાગે છે. **ध्वम्** ની પૂર્વે **र्** આવે તો પણ તેનો **ढ्वम्** થાય છે.

નિયમો

૧. **तृप्, दृप्** ધાતુ વિકલ્પે **इ** લે છે. તેથી બંને પ્રકારમાં આવે છે. તથા બીજા પ્રકારમાં પણ આવે છે.

ચોથો પ્રકાર

૧. આ પ્રકારમાં અનિટ્ ધાતુઓ આવે છે.

૨. **वृ, धू** અને પૂર્વે જોડાક્ષર હોય એવા હ્રસ્વ કે દીર્ઘ **ऋ** કારાંત ધાતુઓ આ *પ્રકારમાં વિકલ્પે આવે છે.*

પરસ્મૈપદ

૧. ધાતુના સ્વરની વૃદ્ધિ થાય છે.
દા.ત. **भिद् = अभैत्सीत् । कृ = अकार्षीत् ।**

૨. ૨૪ અને હ્રસ્વ સ્વર પછી **स्** થી શરૂ થતો પ્રત્યય આવે તો તે **स्** લોપાય છે.
દા.ત. **अभिद् + स्त = अभित्त । अभैद् + स्ताम् = अभैत्ताम् ।**

આત્મનેપદ

૧. (A) હ્રસ્વ કે દીર્ઘ અંત્ય **इ** કે **उ** નો ગુણ થાય છે.

દા.ત. नी = अनेष्ट । सु = असोष्ट ।

(B) **ऋ** કારાંત ધાતુના ઉપાંત્ય સ્વરમાં ફેરફાર થતો નથી.

દા.ત. भृ = अभृषत । (तृ.पु.બ.વ.)

(C) પાઠ-૧ નિયમ ૧૦-A મુજબ અંત્ય દીર્ઘ **ॠ** માં ફેરફાર થાય છે.

દા.ત. स्तॄ = अस्तीर्ष्ट । वॄ = अवूर्ष्ट ।

૨. હ્રસ્વ સ્વર પછી **स्त** અને **स्थाः** નો **स्** લોપાય છે.

દા.ત. हृ + स्त = अहृत ।

૩. આત્મનેપદ **दा, धा, स्था** અને એવા અંગવાળા ધાતુઓના અંત્ય **आ** ને બદલે **इ** આવે છે. આ **इ** નો ગુણ થતો નથી.

દા.ત. आ + दा = आदित । आदिषाताम् ।

૪. **स्तु** અને **क्रम्** આત્મનેપદી આ પ્રકારમાં આવે છે.

૫. **आ + हन्** આત્મનેપદીમાં **न्** લોપાય છે.

દા.ત. आ + हन् + स्त = आ + ह + त = आहत ।

૬. **गम्** અને **यम्** (પરણવું) ધાતુમાં વિકલ્પે અનુનાસિકનો લોપ થાય છે.

દા.ત. सम् + गम् = समगत/समगंस्त । उप + यम् = उपायत/उपायंस्त ।

૭. **दीप्, जन्, बुध्** (ગ.૪), **पुर्, ताय्** અને **प्यास्** ને વિકલ્પે અને **पद्** માં નિત્ય **स्त** ને બદલે **इ** વપરાય છે. ત્યારે વૃદ્ધિનો નિયમ લાગે છે.

દા.ત. बुध् = अबोधि । पद् = अपादि ।

પાંચમો પ્રકાર

૧. પ્રત્યય પૂર્વે **इ** લગાડવાથી પાંચમો પ્રકાર ચોથાથી જુદો પડે છે. તેથી પાંચમામાં સેટ્ ધાતુઓ આવે છે.

૨. **स्तु** અને **सु** (પરસ્મૈ.) અનિટ્ હોવા છતાં પણ આ પ્રકારના ગણાય છે.

૩. **अञ्च्** અને **धू** (પરસ્મૈ. હોય ત્યારે) આ પ્રકારના ગણાય છે.

પરસ્મૈપદ

૧. (A) હ્રસ્વ કે દીર્ઘ અંત્ય **इ, उ, ऋ** અને **ऌ** ની,

(B) જે ધાતુને છેડે **र्** કે **ल्** હોય એવા ધાતુઓના ઉપાંત્ય **अ** ની,

(C) **वद्, व्रज्** ના **अ** ની,

વૃદ્ધિ થાય છે.

દા.ત. **लू = अलौ + इषम् = अलाविषम् । चर् = अचारिषम् ।**
फल् = अफालिषम्

૨. **र्, ल्** સિવાયના વ્યંજનાંત વ્યંજનાદિ ધાતુમાં ઉપાંત્ય **अ** ની વિકલ્પે વૃદ્ધિ થાય છે.

દા.ત. **गद् = अगदीत् / अगादीत् ।**

અપવાદ - **ह्, म्** અને **य्** અંતવાળા તથા **क्षण्, श्वस्, जागृ, कट्, लग्, हस्, श्वि** અને કેટલાક બીજા બહુ નહિ ઉપયોગી એવા ધાતુઓમાં વૃદ્ધિ થતી નથી.

દા.ત. **क्रम् = अक्रमीत् ।**

૩. ઉપાંત્ય **इ, उ, ऋ, ऌ** તથા **जागृ** અને **श्वि** ના અંત્ય સ્વરનો ગુણ થાય છે.

દા.ત. **सिध् + असेधीत् । शुच् = अशोचीत् । कृत् = अकर्तीत् ।**

૪. **हन्** ધાતુનો **वध्** આદેશ થઈ અહીં વપરાય છે.

દા.ત. **अ + वध् + ईत् = अवधीत् ।**

આત્મનેપદ

૧. અંત્ય સ્વર અને ઉપાંત્ય હ્રસ્વ સ્વરનો ગુણ થાય છે.

દા.ત. **लू = अलविष्ट । मुद् = अमोदिष्ट ।**

૨. **दरिद्रा** નો **आ** વિકલ્પે લોપાય છે.

દા.ત. **अदरिद्रीत् / अदरिद्रासीत् ।**

૩. **दीप्, जन्, बुध्** (ગ.૪), **पुर्, ताय्** અને **प्यास्** માં વિકલ્પે હ્રસ્વ **इ** લાગે ત્યારે વૃદ્ધિનો નિયમ લાગે.

દા.ત. **दीप् = अदीपिष्ट / अदीपि ।**

૪. **आ + हन्** આત્મને. ધાતુમાં અહીં વિકલ્પે **वध्** આદેશ થાય છે. (**वध्** આદેશ સેટ્ છે જ્યારે **हन्** ધાતુ અનિટ્ છે.) ત્યારે વૃદ્ધિ થતી નથી.

દા.ત. **वध् = आ + वध् + इष्ट = आवधिष्ट ।**

અદ્યતન કર્મણિ

૧. તમામ ધાતુના રૂપો માત્ર ચોથા અને પાંચમા પ્રકારમાં થાય છે. સાતમા પ્રકારના ધાતુ માટે સાતમો પ્રકાર. બાકીના અનિટ્ ધાતુ માટે ચોથો પ્રકાર અને સેટ્ ધાતુ માટે પાંચમો પ્રકાર. આ બધામાં આત્મનેપદ રૂપ એ જ અદ્યતન કર્મણિ રૂપ. પાઠ-૧૫ના કર્મણિ તથા ભાવે રૂપનો નિયમ ૨ જુઓ.

૨. *તૃ.પુ.એ.વ.માં માત્ર* **इ** *પ્રત્યય લાગે ત્યારે,*

(A) ઉપાંત્ય હ્રસ્વ સ્વરનો ગુણ થાય છે.

દા.ત. **तुद् = अतोदि ।**

(B) અંત્ય સ્વર તથા ઉપાંત્ય **अ** ની વૃદ્ધિ થાય છે.

દા.ત. **पठ् = अपाठि ।**

(C) **जन्,** (**आ + चम्, कम्** અને **वम्** સિવાયના) **अम्** કારાંત ધાતુઓના **अ** નો ફેરફાર થતો નથી.

દા.ત. **जन् = अजनि । क्षम् = अक्षमि ।**

(D) **आ** કારાંત અંગવાળા ધાતુમાં **य** ઉમેરાય છે.

દા.ત. **दा = अदायि ।**

(E) દશમા ગણમાં ગુણ-વૃદ્ધિ થયા પછી ગણની નિશાની ન લાગે.

દા.ત. **चुर् = अचोरि । पीड् = अपीडि ।**

(F) **हन्** ના સ્વરની વૃદ્ધિ થાય છે ત્યારે **ह** નો **घ्** થાય છે. (પાઠ ૧૧ નો નિયમ-૭)

રૂપાખ્યાન

ચોથો પ્રકાર

भृ - ઉ. ભરવું.

પરસ્મૈપદ

	એકવચન	દ્વિવચન	બહુવચન
પુરુષ ૧	*अभार्षम्*	*अभार्ष्व*	*अभार्ष्म*
પુરુષ ૨	अभार्षीः	अभार्ष्टम्	अभार्ष्ट
પુરુષ ૩	अभार्षीत्	अभार्ष्टाम्	अभार्षुः

अ + भृ + सीत् = अ + भार् + सीत् = अभार्षीत् ।

આત્મનેપદ

	એકવચન	દ્વિવચન	બહુવચન
પુરુષ ૧	अभृषि	अभृष्वहि	अभृष्महि
પુરુષ ૨	अभृथाः	अभृषाथाम्	अभृढ्वम्
પુરુષ ૩	अभृत	अभृषाताम्	अभृषत

अ + भृ + स्त = अ + भृ + त = अभृत ।

➔ प्रच्छ् = प्राच्छ् = प्राष् (પાઠ ૯ નો નિયમ ૧૦) = प्राक् (પાઠ ૯ નો નિયમ ૩) = अ + प्राक् + सीत् = अप्राक्षीत् । (तृ.पु.એ.વ.)

प्राच्छ् + स्ताम् = अ + प्राच्छ् + ताम् = अ + प्राष् + ताम् = अप्राष्टाम् । (तृ.पु.द्वि.व) तृ.पु.બ.વ. = अप्राक्षुः ।

	એકવચન	દ્વિવચન	બહુવચન
પુરુષ ૧	अप्राक्षम्	अप्राक्ष्व	अप्राक्ष्म
પુરુષ ૨	अप्राक्षीः	अप्राष्टम्	अप्राष्ट

➔ तृप् = त्रप् (પાઠ ૧૩ નો નિયમ ૧૮ વિકલ્પે) = अ + त्राप् + सीत् = अत्राप्सीत् તથા तृप् = तार्प् = अतार्प्सीत् । (तृ.पु.એ.વ.)

तृ.पु.द्वि.व. = अत्राप्ताम् / अतार्प्ताम् ।

दृप् ના રૂપો तृप् ની જેમ જાણવા. આ ધાતુ બંને પ્રકારમાં આવે છે.

➔ त्यज् = त्याज् = अ + त्याक् + सीत् (માર્ગો. નિયમાવલિ વ્યંજન સંધિ નો નિયમ ૯) = अत्याक्षीत् । (માર્ગો. નિયમાવલિ વ્યંજન સંધિનો નિયમ ૨૦) (तृ.पु.એ.વ.), तृ.पु.द्वि.व. = अत्याक्ताम् ।

दह् = दाह् = धाघ् (પાઠ-૯ નો નિયમ ૫) = अ + धाक् + सीत् = अधाक्षीत् ।

(तृ.पु.એ.વ.),तृ. पु. द्वि. व. = **अत्याक्ताम्** ।

दह् = **दाह्** = **धाघ्** (પાઠ - ૯નો નિયમ ૫) = **अ** + **धाक्** + **सीत्** = **अधाक्षीत्** (तृ. पु. એ. વ.)

अदह् + **स्ताम्** = **अदाह्** + **स्ताम्** = **अदाह्** + **ताम्** = **अदाघ्** + **ताम्** (પાઠ-૯ નિયમ ૫) = **अदाघ्** + **धाम्** (પાઠ-૯ નો નિયમ ૨) = **अदाग्धाम्** (પાઠ ૯ નો નિયમ ૬) (तृ.पु.द्वि.व.), तृ.पु.ब.व. = **अधाक्षुः** ।

➔ **वस्** = **वास्** = **अ** + **वात्** + **सीत्** (પાઠ ૧૫ સા.ભ.નો નિયમ ૨) = **अवात्सीत्** । (तृ.पु.એ.વ.)

वास् + **स्ताम्** = **वात्** + **स्ताम्** = **अ** + **वात्** + **ताम्** = **अवात्ताम्** । (तृ.पु.द्वि.व.)

➔ **वह्** = **वाह्** = **वाढ्** (પાઠ ૯ નો નિયમ ૧) = **अ** + **वाक्** + **सीत्** = **अवाक्षीत्** (तृ.पु.એ.વ.)

वह् = **वाह्** = **वाढ्** + **स्ताम्** = **वाढ्** + **ताम्** = **वाढ्** + **धाम्** (પાઠ ૯ નો નિયમ ૨) = **वाढ्** + **ढाम्** = **अ** + **वाढाम्** = **अवोढाम्** (પાઠ ૧૪ નો નિયમ ૧૦) આવો જ ફેરફાર **तम्**, **त** અને આત્મનેપદ **त**, **थास्** અને **ध्वम्** પહેલાં થાય છે.

➔ **रुध्** (उ.) = પરસ્મૈ. **रौध्** = **रौत्** + **सीत्** = **अरौत्सीत्** (तृ.पु.એ.વ.)

रौध् + **स्ताम्** = **रौध्** + **ताम्** = **रौध्** + **धाम्** (પાઠ ૯ નો નિયમ ૨) = **अ** + **रोद्धाम्** (પાઠ ૯ નો નિયમ ૬) = **अरोद्धाम्** । (तृ.पु.द्वि.व)

तृ.पु.ब.व. = **अरौत्सुः**

આત્મને. **रुध्** + **स्त** = **रुध्** + **त** = **अ** + **रुद्ध** = **अरूद्ध** । (तृ.पु.એ.વ.)

तृ.पु.द्वि.व. = **अरुत्साताम्** ।, तृ.पु.ब.व. = **अरुत्सत** ।

➔ **लभ्** (આત્મને.) = **लभ्** + **स्त** = **लभ्** + **त** = **लभ्** + **ध** = **अ** + **लब्ध** = **अलब्ध** । (तृ.पु.એ.વ.)

अ + **लभ्** + **साताम्** = **अलप्साताम्** । (तृ.पु.द्वि.व.)

➔ **सृज्** = **स्रज्** = **स्राज्** = **स्राष्** (પાઠ-૯ નો નિયમ-૧૦) = **अ** + **स्राक्** + **सीत्** (પાઠ-૯ નો નિયમ-૩) = **अस्राक्षीत्** । (तृ.पु.એ.વ.)

➔ **वृ** (આત્મને.) = **अ** + **वृ** + **स्त** = **अ** + **वृ** + **त** = **अवृत** । (तृ.पु.એ.વ.)

➔ **अधि + इ = अधि + आ + इ + स्त = अधि + आ + ए + स्त = अधि + ऐ + स्त = अध्यैष्ट** અથવા **अधि + अ + गा + स्त = अधि + अ + गी + स्त** (પાઠ ૧૫ ક્રિયાતિ. નો નિયમ ૨) = **अध्यगीष्ट।**

પાંચમો પ્રકાર

लू - ઉ. કાપવું

પરસ્મૈપદ

	એકવચન	દ્વિવચન	બહુવચન
પુરુષ ૧	**अलाविषम्**	**अलाविष्व**	**अलाविष्म**
પુરુષ ૨	**अलावीः**	**अलाविष्टम्**	**अलाविष्ट**
પુરુષ ૩	**अलावीत्**	**अलाविष्टाम्**	**अलाविषुः**

अ + लू + इत् = **अ + लौ + ईत्** = **अलावीत्।**

આત્મનેપદ

	એકવચન	દ્વિવચન	બહુવચન
પુરુષ ૧	**अलविषि**	**अलविष्वहि**	**अलविष्महि**
પુરુષ ૨	**अलविष्ठाः**	**अलविषाथाम्**	**अलविध्वम् - ढ्वम्**
પુરુષ ૩	**अलविष्ट**	**अलविषाताम्**	**अलविषत**

अ + लू + इष्ट = **अ + लो + इष्ट** = **अलविष्ट।**

➔ **तृप्** = **अतर्पीत्।** (तृ.पु.એ.વ.), तृ.पु.द्वि.व. = **अतर्पिष्टाम्।**
दृप् ના રૂપો **तृप्** ની જેમ જાણવા.
स्खल् = **अस्खालीत्।** (तृ.पु.એ.વ.)
नद् = **अनदीत्** = **अनादीत्।** (तृ.पु.એ.વ.)
नन्द् = **अनन्दीत्।** (तृ.पु.એ.વ.)

➔ **वृ** (ઉ.) = પરસ્મૈ. **अवारीत्।** (तृ.पु.એ.વ.)
આત્મને. **अ + वृ + इष्ट** = **अ + वर् + इष्ट** = **अवरिष्ट** તથા પાઠ ૧૫ ના નિયમ ૨ પ્રમાણે **वर् + ईष्ट** = **अवरीष्ट।** (तृ.पु.એ.વ.)

આશીર્વાદાર્થ

ભૂમિકા

૧. કોઈને આશીર્વાદ આપવા વગેરે અર્થમાં આ અર્થના રૂપો વપરાય છે.

પ્રત્યયો

પરસ્મૈપદ

	એકવચન	દ્વિવચન	બહુવચન
પુરુષ ૧	**यासम्**	**यास्व**	**यास्म**
પુરુષ ૨	**याः**	**यास्तम्**	**यास्त**
પુરુષ ૩	**यात्**	**यास्ताम्**	**यासुः**

આત્મનેપદ

	એકવચન	દ્વિવચન	બહુવચન
પુરુષ ૧	**सीय**	**सीवहि**	**सीमहि**
પુરુષ ૨	**सीष्ठाः**	**सीयास्थाम्**	**सीध्वम्**
પુરુષ ૩	**सीष्ट**	**सीयास्ताम्**	**सीरन्**

ફોર્મ્યુલા ૧.(A) આ અર્થના પરસ્મૈપદના પ્રત્યયો લ્ય.ભૂ.કા. ના પ્રત્યયોની પૂર્વે **यास्** લગાડવાથી થાય છે.

(B) તૃ.પુ.બ.વ. **यासुः** છે તથા દ્વિ.પુ. અને તૃ.પુ.એ.વ. ના **स्, त्,** પ્રત્યય પૂર્વે **यास्** ના **स्** નો લોપ થાય છે.

૨.(A) આ અર્થના આત્મનેપદના પ્રત્યયો વિધ્યર્થ આત્મનેપદના પ્રત્યયોમાં આવેલા **त्** અને **थ्** ની પૂર્વે **स्** લગાડવાથી થાય છે. અહીં પણ **षीध्वम्** નું **षीढ्वम्** થાય છે.

નિયમો

પરસ્મૈપદ

૧. તમામ પ્રત્યયો અવિકારી છે તથા સેટ્ ધાતુને પણ અહીં **इ** લાગતી નથી.

દા.ત. **भू = भूयात्।**

૨. (A) માર્ગો. નિયમાવલિમાં કર્મણિના નિયમ ૩,૪,૫,૭ અને ૮ લાગે તથા

દ્વા નિયમના ધાતુઓના **आ** નો અહીં **ए** થાય છે.

દા.ત. दा = देयात् ।

(B) **आ** કારાંત અંગવાળા ધાતુઓના **आ** ની પૂર્વે જોડાક્ષર આવેતો **आ** નો વિકલ્પે **ए** થાય છે.

દા.ત. ग्लै = ग्लेयात् / ग्लायात् ।

૩. દશમા ગણના ધાતુમાં માત્ર ગુણ-વૃદ્ધિ થાય છે.

દા.ત. मृष् = मर्ष्यात् ।

आत्मनेपद

૧. (A) (અ) વેટ્ ધાતુને, (બ) દીર્ઘ **ऋ** કારાંત ધાતુને,
(ક) સંયુક્ત પર હ્રસ્વ **ऋ** કારાંત ધાતુને અને
(ડ) **वृ** ધાતુને,
વિકલ્પે **इ** લાગે છે અને ત્યારે ગુણ થાય છે.

દા.ત. सू = सविषीष्ट / सोषीष्ट । तॄ = तरिषीष्ट / तीर्षीष्ट ।
वृ = वरिषीष्ट / वृषीष्ट ।

(B) જ્યારે પ્રત્યયની પૂર્વે **इ** ન લાગે ત્યારે હ્રસ્વ કે દીર્ઘ **ऋ** કારાંત ધાતુમાં અંત્ય **ऋ** નો તેમજ અંત્ય ધાતુઓમાં ઉપાંત્ય સ્વરનો ગુણ થતો નથી.

દા.ત. स्तृ = स्तृषीष्ट / स्तरिषीष्ट । कृ = कृषीष्ट ।

૨. દશમા ગણના ધાતુમાં ગુણ-વૃદ્ધિ ઉપરાંત **अय** પણ લાગે છે.

દા.ત. मृष् = मर्षयिषीष्ट ।

૩. ગણકાર્ય રહિતકાળોના તૈયાર કરેલા અંગને આત્મનેપદના પ્રત્યયો લગાડવાથી થતા કર્મણિના નિયમો ઉપરાંત પાઠ ૧૫ ના કર્મણિ તથા ભાવે રૂપનો નિયમ ૨ આ અર્થમાં પણ લાગુ પડે છે.

રૂપાખ્યાન

कृ - ઉ. કરવું

પરસ્મૈપદ

	એકવચન	દ્વિવચન	બહુવચન
પુરુષ ૧	**क्रियासम्**	**क्रियास्व**	**क्रियास्म**
પુરુષ ૨	**क्रियाः**	**क्रियास्तम्**	**क्रियास्त**
પુરુષ ૩	**क्रियात्**	**क्रियास्ताम्**	**क्रियासुः**

આત્મનેપદ

	એકવચન	દ્વિવચન	બહુવચન
પુરુષ ૧	**कृषीय**	**कृषीवहि**	**कृषीमहि**
પુરુષ ૨	**कृषीष्ठाः**	**कृषीयास्थाम्**	**कृषीढ्वम्**
પુરુષ ૩	**कृषीष्ट**	**कृषीयास्ताम्**	**कृषीरन्**

ધાતુઓ

પહેલો ગણ

दश् - ૫. ડંખવું
दह् - ૫. બાળવું, બળવું
दीक्ष् - આ. પવિત્ર કરવું અને તેથી કરીને યજ્ઞ કરવા માટે યોગ્ય થવું
प्र + उद् + पत् - ૫. પડવું
फल् - ૫. ફળવું, ફત્તેહ પામવું
वि + भज् - ૩. વહેંચવું, ભાગ કરવા
प्र + लप् - ૫. બોલવું, બકવાસ કરવો

બીજો ગણ

सत्रम् + आस् - યજ્ઞ સમારંભ કરવો, ઘણા યજ્ઞો અનુક્રમે કરવા

ચોથો ગણ

तृप् - ૫. સંતુષ્ટ થવું, તૃપ્ત થવું
प्रति + पद् - જાણવું, સમજવું, અંગીકાર કરવું, કરવું, આચરવું
अव + मन् - અવગણના કરવી

છઠ્ઠો ગણ

आ + दृ - આ. માન આપવું, આદરવું

દશમો ગણ

वञ्च् - આ. ઠગવું

નામ (A - संस्कृतनुं गुजराती)

પુંલિંગ

अग्निरथ - આગગાડી, રેલગાડી
अत्याराति - એક ક્ષત્રિયનું નામ છે
अमित्र - શત્રુ
उत्तरकुरवः - હિમાલયની પેલી પારના દેશનું નામ છે. (ઘણું કરીને આર્યલોકનું અસલ સ્થાન એ હતું) (બ.વ.)
ऐलूष - ઈલૂષાનો પુત્ર

कवष - પુરુષનું નામ છે
कितव - ઠગ, અપ્રમાણિક પુરુષ, ઉચાપત કરનાર
जानंतपि - જનંતપનો પુત્ર
तपन - જુલમ કરનાર, જુલમી
दन्दशूक - સાપ
पौराणिक - પુરાણી
माल्यवत् - રાક્ષસનું નામ છે. એ રાવણની માતાનો પિતા હતો
म्लेच्छ - મ્લેચ્છ
वासिष्ठ - વસિષ્ઠ નો વંશજ
शाक - શાક
शैब्य - રાજાનું નામ છે.
सात्यहव्य - ગોરનું નામ છે.

स्त्रीलिंग

दशा - અવસ્થા, સ્થિતિ
नियति - નસીબ, પ્રારબ્ધ
नेमि - પૈડાનો ઘેર
भानुमती - ધૃતરાષ્ટ્રના મોટા પુત્ર દુર્યોધનની વહુ
मुक्तकेशी - છુટા વાળવાળી
सरस्वती - નદીનું નામ છે.

नपुंसकलिंग

औषध - ઓસડ
कुसुमपुर - શહેરનું નામ છે.
जातकर्मन् - જન્મક્રિયા, જન્મ સમયે કરવાનો સંસ્કાર
देवक्षेत्र - દેવભૂમિ
महत्त्व - મોટાઈ, તેજ
सत्र - યજ્ઞનો સમારંભ
साचिव्य - પ્રધાનપણું

विशेषण

अक्षम - અશક્ત
अनुष्ठेय - (**अनु** + **स्था** નું વિધ્યર્થ કૃ.) કરવાનું
आज्ञप्त - (કર્મ. ભૂ. કૃ.) હુકમ કરેલો
आत्त - (**आ** + **दत्त**, **दा** 'આપવું' નું કર્મ. ભૂ.કૃ.) લઈ લીધેલું
एकान्त - એકસરખું
जयावह - જય લાવનારું
दुर्विनीत - વિનયરહિત, બેઅદબ
निःशुक्र - સત્ત્વવગરનું, શક્તિહીન
मुग्धाकृति - રૂપાળી આકૃતિવાળું, રમ્યાકૃતિ
शुष्मिण - શક્તિમાન્
शोकविकल - શોકમાં મગ્ન, શોકથી બાવરું
सुविनीत - નમ્ર

क्रियाविशेषण

उपरि - ઉપર
एकान्ततः - એકસરખી રીતે
नीचैः - નીચે

નામ (B - ગુજરાતીનું સંસ્કૃત)

પુંલિંગ

આગેવાન ફીતુરી - **प्रधानराजद्रोहिन्**
નાગ - **फणिन्, नाग**
પાંજરૂં - **पञ्जर**
બજાર - **आपण**
ભુકો - **क्षोद**
મહેણું - **उपालम्भ**
મોજણીદાર - **भूमापक**
યજ્ઞદત્ત - **यज्ञदत्त**
રૂ - **तूल, पिचु**
રોગ - **व्याधि**
વેપારી - **वणिज्**

સ્ત્રીલિંગ

ઈમાનદારી - **भक्ति, निष्ठा**
ઔષધ - **औषधि**
ખાઈ - **कुल्या**
ગરીબાઈ - **दुर्गति**
બજાર - **पण्यवीथिका**
રાજ ચલાવવાનો જુમ્મો - **राज्यधुरा**
રાજધાની - **राजधानी**

નપુંસકલિંગ

ઔષધ - **औषध**
કાગળ - **पत्रक**
ગરીબાઈ - **दारिद्र्य**
છાપરું - **छदिस्, पटल**
ભુકો - **चूर्ण**
મીલ્કત - **रिक्थ, वित्त**

વિશેષણ

ઘરડાઓનું - **पितृपैतामह**
દુઃખકારક - **व्यथाकर, पीडाकर**
પુરેલું - **नियन्त्रित** (કર્મ. ભૂ. કૃ.), **निबद्ध** (કર્મ. ભૂ. કૃ.)
સંબંધ રાખતું - **संगत** (કર્મ. ભૂ. કૃ.), **संगच्छमान** (વર્ત. કૃ.)

ક્રિયાવિશેષણ

અખંડ - **अविरतम्**

વિશેષ

ખેતીવાડીના કામમાટે - **कृषिहेतोः, कृषिकर्मणे** (ચતુર્થી વિભક્તિ)

સ્વાધ્યાય

પ્રશ્ન - ૧ સંસ્કૃતનું ગુજરાતી કરો.

૧. दुष्टाञ् शब्दान्मा प्रयुक्ष्महि म्लेच्छाश्च मा भूमेत्यध्येयं व्याकरणम् ।
૨. ओदनं शाकांश्च सूदा अपाक्षुरतोऽधुना सर्वान्ब्राह्मणान्भोजय ।
૩. कनिष्ठं पुत्रमहमब्रवं पुत्रक ! कुसुमपुरं गत्वा तत्रैकस्मिन्गृहे मया निक्षिप्तं धनमास्ते

तद्गृह्याण । सोऽगच्छत् । निवृत्य च मामब्रवीत्तात भ्रातरो मे तत्रागत्यास्मभ्यमेतद्धनं पितादादिति वदन्तः सर्वमेव तदादिषत ।

४. यत्त्वं सत्यमवादीस्तत्तुभ्यमहमेतद्ददां शतं ददामि ।

५. त्वमात्मनः पूर्वभार्यामत्याक्षीरन्यां च पर्यणैषीरिति यदश्रौषं तत्किं सत्यम् ।

६. मुग्धाकृतिरतीव प्रियश्चावयोः शिशुरमृतेति शोकविकलोऽहं भार्या च मे ।
परंतु किं वृथाशोकेन सत्यमेव तद्यत्कविराह ।

७. कश्चैकान्तं सुखमुपगतो दुःखमेकान्ततो वा ।
नीचैर्गच्छत्युपरि च दशा चक्रनेमिक्रमेण ॥

८. ऋषयो वै सरस्वत्यां सत्रमासत । ते कवषमैलूषं सोमादनयन्दास्याः पुत्रः कितवोऽब्राह्मणः कथं नो मध्येऽदीक्षिष्टेति ।

९. साचिव्ये मामेवान्यान्सर्वाननादृत्य राजाऽयौक्षीदतोऽभियुक्तेन मनसा मया कार्यमनुष्ठेयम् ॥

१०. अस्मिन्क्षेत्रे विपुलं धान्यमवाप्सम् ।

११. अङ्गीकृतं महत्कार्यं पारयितुमक्षमा वयमुदस्राक्ष्म ।

१२. अखिला मनोरथा मेऽफालिषुरतोऽहं सुखमस्वाप्सं न किंचिदवेदिषम् ।

१३. किं नाद्याप्यग्निरथमद्राष्ट प्रत्यहं त्रिरनेन मार्गेण स नीयते ।

१४. मुक्तकेशीं मां दृष्ट्वा दुर्योधनस्य भार्या भानुमत्यहसीत्तन्मे दहति देहमित्यब्रवीद्भीमं द्रौपदी ।

१५. असमर्थोऽयमर्जुनो धार्तराष्ट्रैः सह योद्धुमतः सङ्ग्रामान्न्यवर्तिष्टेति जना ब्रूयुः ॥

१६. भार्या मे पुत्रमसविष्ट । अतो जातकर्मादि संस्काराणां संभारान्करोमि ।

१७. अधुनैव सोऽत्रागत्यायं पुरुषः सुविनीतोऽयं दुर्विनीत इति बहु प्रालापीत् ।
मैवं पुनः प्रलपीदित्येकदा तं भृशं ताड्य ।

१८. अस्माभिराज्ञप्तः पौराणिकः पुराणकथाः कथयितुमारब्ध तदेहि श्रोतुम् ।

१९. परिचारकं मे दन्दशूकोऽदाङ्क्षीत्तत्त्वरस्व भिषजं गत्वौषधमानय ।

२०. इयन्तं कालमुद्यमं कुर्वन्नपि सुखं नालप्सि तस्मान्नियतिर्बलीयसी ।

२१. महता प्रयत्नेन तेन संचितं धनमहृथास्तस्मात्पापोऽसि गर्हणीयचरितोऽसि ।

२२. तेऽभ्यगुर्भवनं तस्य सुप्तं चैक्षिषताथ तम् ।

२३. अवोचत्कुम्भकर्णस्तं वयं मन्त्रेऽभ्यधाम यत् ।
न त्वं सर्वं तदश्रौषीः फलं तस्येदमागमत् ॥

२४. प्राज्ञवाक्यान्यवामंस्था मूर्खवाक्येष्ववास्थिथाः ।
अध्यगीष्ठाश्च शास्त्राणि प्रत्यपत्था हितं न च ॥
२५. मूर्खास्त्वामववञ्चन्त ये विग्रहमचीकरन् ।
अभाणीन्माल्यवान्युक्तमक्षंस्थास्त्वं न तन्मदात् ॥
२६. ततोऽक्रन्दीद्दशग्रीवस्तमाशिश्वसदिन्द्रजित् ।
निरयासीच्च संक्रुद्धः प्रार्चिचच्च स्वयंभुवम् ॥
२७. सोऽलब्ध ब्रह्मणः शस्त्रं स्यन्दनं च जयावहम् ।
२८. प्रोदपाति नभस्तेन स च प्रापि महागिरिः ।
यस्मिन्नज्वालिषू रात्रौ महौषध्यः सहस्त्रशः ॥
२९. एतं ह वा ऐन्द्रं महाभिषेकं वासिष्ठः सात्यहव्योऽत्यरातये जानंतपये प्रोवाच । तस्मादत्यरातिर्जानंतपिरराजा सन्विद्यया समन्तं सर्वत्रः पृथिवीं जयन्परीयाय । स होवाच वासिष्ठः सात्यहव्योऽजैषीर्वै समन्तं सर्वत्रः पृथिवीं महन्मा गमयेति । स होवाचात्यरातिर्जानंतपिर्यदा ब्राह्मणोत्तरकुरूञ्जयेयमथ त्वमु हैव पृथिव्यै राजा स्याः सेनापतिरेव तेऽहं स्यामिति । स होवाच वासिष्ठः सात्यहव्यो देवक्षेत्रं वै तन्न वै तन्मर्त्यो जेतुमर्हत्यद्रुक्षो वै म आऽत इदं दद इति । ततो हात्यरातिं जानंतपिमात्तवीर्यं निःशुक्रममित्रतपनः शुष्मिणः शैब्यो राजा जघान ।

प्रश्न - २ ગુજરાતીનું સંસ્કૃત કરો.

૧. દુશ્મનોએ વીસ ગામ બાળી નાંખ્યા છે (**दह्**) અને હવે મુખ્ય શહેર સામા કુચ કરે છે.
૨. પાંજરામાં પુરાયેલાં પક્ષીઓ ઉડી ગયા છે (**उद् + डी** આત્મને.).
૩. લાંબો વખત થયા જે મિત્રોની વાટ જોતો હતો તે આવ્યા છે (**आ + गम्** કે **आ + इ**) અને હમણાંજ ગાડીમાંથી ઉતર્યા છે (**अव + तृ**).
૪. બાગમાં ઝાડોની ડાળીઓ અમે કાપી નાંખી છે(**लू** કે **छिद्**).
૫. ખેતીવાડી માટે સિંધુને લગતી ઘણી નહેરો અમે ખોદી છે (**खन्**).
૬. જ્યારે તેણે કહ્યું કે સંસ્કૃત પંડિત દશ દિવસમાં થાઉં ત્યારે હું હસ્યો (**स्मि**).
૭. યજ્ઞદત્તે હમણાં છોકરાના ઉપનયનનો વિધિ કર્યો (**कृ, वि + धा** કે **अनु + स्था**), તે વખતે બ્રાહ્મણોને ઘણી દક્ષિણા આપી.
૮. મદદ માટે પોતે ગોવિન્દને બોલાવવા માણસ મોકલ્યો છે, એ તેમને હમણાંજ યાદ આવ્યું (**स्मृ**).

૯. બીતા મા (**मा + भी**), તું જુવે છે તે નાગ નથી પણ દોરડું છે.

૧૦. સૈનિકોએ આગેવાન ફીતુરીને મારી નાંખ્યા છે (**वध्**), અને દેશ ફરી જીત્યો છે (**पुनर् + जि**).

૧૧. આખો દિવસ ઘેર બેસી રહેવાથી અને બીજું કાંઈ પણ ન કરવાથી દારિદ્ર અને ઘણા દુઃખકારક દરદો થયા (**जन् કે निस् + पद्**).

૧૨. મેં તમને કહ્યાં હતાં તે ઘરેણાં તમે કર્યાં છે (**कृ**) ? જો તમે કર્યાં હોય તો બતાવો.

૧૩. રાજાના મોજણીદારોએ હજી જમીન માપી નથી (**मा**).

૧૪. અમે બધા કાગળો ફાડી નાખ્યા છે (**दृ**) હવે તે કામના નથી.

૧૫. તેણે દવા વાટી છે (**क्षुद्**), વાસણ ખાલી કર્યું છે (**रिच्**), અને ભૂકો તેમાં નાખ્યો છે (**नि + क्षिप्**), પાણી રેડ્યું છે, અને તે દેવતા પર મૂક્યું છે.

૧૬. ગોવિન્દની ઈચ્છા પાર પડી છે (**तृप्**), અને તે હવે સુખી છે.

૧૭. તેણે બધાં સંસારિક કામો છોડી દીધાં છે (**परित्यज्**), અને હવે તે સંન્યાસી થયો છે (**परिव्राज्**).

૧૮. તેમણે ગઈ કાલે આપેલા પૈસા અમે હજી લીધા નથી (**प्रतिग्रह्**).

૧૯. તેમણે રાજાને ઈમાનદારીથી સેવ્યો છે (**सेव्**).

૨૦. બજારમાં વેપારીઓએ બધું રૂ વેચાતું લીધું છે (**परि + क्री**), અને તે ઈંગ્લાંડ મોકલી દીધું છે (**प्र + हि**).

૨૧. ઘરનું છાપરૂં વાંદરાઓએ ભાંગી નાંખ્યું છે (**भञ्ज्**).

૨૨. બાપદાદાની મીલ્કત ભાઈઓએ વહેંચી લીધી છે (**वि + भज्**).

૨૩. મેં લોકોના મહેણા શાન્ત રીતે સહન કર્યાં છે (**सह्**), અને સતત રાજ કરવા માથે લીધું છે (**वह्**).

૨૪. બે રાજાઓએ લશ્કર ચડાઈ માટે તૈયાર કર્યું છે (**सम् + नह्**).

પ્રશ્ન - ૩ પ્રત્યયને લાગુ પડતા નિયમો આપી નીચેના રૂપો સમજાવો.

दिश्यात्, दिक्षीष्ट, रुध्यात्, रुत्सीष्ट, उच्यात्, स्मर्यात्, स्तर्यात्, नीयात्, नेषीष्ट, देयात्, दासीष्ट, धाक्षीष्ट, गाहिषीष्ट, ध्रेयात्, घ्रायात्, तीर्यात्, पूर्यात्, उह्यात्, वक्षीष्ट, मोदिषीष्ट, धुक्षीष्ट, दुह्यात्।

પ્રશ્ન - ૪ નીચેના ધાતુઓના આશીર્વાદાર્થ રૂપો આપો.

हृ, द्रु, वप्, यज्, सह्, नह्, रुह्, लिह्, बन्ध्, लै, हा, भिद्, भू, वृत्, रुच्, दु, लू, सो, स्तु, रु, शास्।

પાઠ ૨૫

ઈચ્છાદર્શક રૂપ

ભૂમિકા

૧. ઈચ્છાદર્શક રૂપનો અર્થ છે ક્રિયા કરવાની ઈચ્છા અથવા ક્રિયા કરવાની તૈયારી.

દા.ત. **गम्** = **जिगमिष्** (ઈચ્છાદર્શક અંગ) = જવાની ઈચ્છા અથવા જવાની તૈયારી.

मृ = **मुमूर्षु** = મરવાની તૈયારીવાળો અથવા મરવાની અણી પર હોનાર.

૨. જે ધાતુઓ મૂળમાં જેના (પરસ્મૈ. કે આત્મને. ના) પ્રત્યયો લે છે તે જ અહીં લાગે છે.

૩. સ્વાધ્યાય પ્રશ્ન-૨માં જ્યાં જાડા અક્ષરો છાપેલા છે ત્યાં ઈચ્છાદર્શકનો પ્રયોગ કરવો.

નિયમો

૧. (A) ત્રીજા ગણની જેમ દ્વિરુક્તિના નિયમો લગાડ્યા પછી ધાતુને **स्** પ્રત્યય લગાડવામાં આવે છે. ગણકાર્યવાન કાળોમાં **स्** માં **अ** ઉમેરાય છે.

(B) અભ્યસિત અક્ષરમાં (દ્વિરુક્તિમાં) **अ** નો **इ** થાય છે.

દા.ત. **गम्** = **जिगमिषति** ।

૨. નીચેના અપવાદો ધ્યાનમાં રાખી ધાતુ સેટ્ છે કે અનિટ્ છે તે પ્રમાણે **स्** ની પૂર્વે **इ** મૂકવી.

(A) **ग्रह्, मूह्** અને **उ** - **ऊ** કારાંત ધાતુને **इ** લાગતી નથી.

દા.ત. **ग्रह्** = **जिघृक्षति** । **भू** = **बुभूषति** ।

(B) **दृ, धृ, कृ, गृ** આટલા છઠ્ઠા ગણના ધાતુઓ અને **स्मि, पू** (આ.), **अञ्ज्, प्रच्छ्, ऋ** અને **अश्** ધાતુને **इ** લાગે છે.

દા.ત. **दृ** = **दिदरिषते** । **धृ** = **दिधरिषते** । **पू** = **पिपविषते** ।
प्रच्छ् = **पिपृच्छिषति** ।

(C) દીર્ઘ **ॠ** કારાંત, **इव्** અંતવાળા ધાતુઓ અને **वृ, दम्भ्, श्रि, यु, भृ, ज्ञप्**

અને બીજા કેટલાક બહુ ઉપયોગી નહિ એવા ધાતુઓને વીકલ્પે इ લાગે છે.

દા.ત. दिव् = दुद्यूषति / दिदेविषति । श्रि = शिश्रीषति / शिश्रयिषति ।

૩. નીચેના અપવાદ ધ્યાનમાં રાખી ધાતુને ગુણ અંગેના સામાન્ય નિયમો લગાડવા.

(A) અંત્ય કે ઉપાંત્ય, ह्रस्व કે દીર્ઘ इ, उ, ऋ વાળા ધાતુઓમાં स् ની પૂર્વે इ આવતી નથી ત્યારે ગુણ થતો નથી.

દા.ત. भू = बुभूषति ।

(B) रुद्, विद् અને मुष् ધાતુમાં ગુણ ન થાય.

દા.ત. विद् = विविदिषति । मुष् = मुमुषिषति ।

(C) य्, व् સિવાયના વ્યંજનાંત વ્યંજનાદિ ધાતુમાં ઉપાંત્યે રહેલ ह्रस्व इ - उ ના इ પછી स् લાગે ત્યારે વિકલ્પે ગુણ થાય છે.

દા.ત. मुद् = मुमुदिषते / मुमोदिषते । द्युत् = दिद्युतिषते / दिद्योतिषते ।

૪. (A) स् પૂર્વે इ ન આવે ત્યારે અંત્ય સ્વરવાળા ધાતુઓનો અંત્ય સ્વર લંબાય છે. हन् માં પણ अ લંબાય છે.

દા.ત. जि = जिगीषति । जिघांसति

૫. (A) ग्रह, स्वप् અને प्रच्छ् માં र् અને व् નો ऋ અને उ થાય છે.

દા.ત. स्वप् = सुषुप्सति । प्रच्छ् = पिपृच्छिषति । ग्रह् = जिघृक्षति ।

(B) द्युत् માં य् નો અભ્યસિત (દ્વિરુક્ત) અક્ષરમાં इ થાય છે.

(C) मि, मी, मा, दा, धा અને दा, धा ના અંગવાળા ધાતુઓ તથા रभ्, लभ्, शक्, पत्, पद् ધાતુમાં,

(અ) ધાતુના સ્વરનો इ થાય છે,

(બ) દ્વિરુક્તિ ન થાય,

(ક) સ્વરાંત ધાતુને स् ની પૂર્વે त् લાગે છે.

દા.ત. दा = दित्सति । रभ् = रिप्सति ।

(D) तन् અને पत् ધાતુ स् પૂર્વે વિકલ્પે સેટ્ છે.

અનિયમિત રૂપો

आप् = ईप्सति । ऋ = अरिरिषति । ज्ञप् = ज्ञीप्सति / जिज्ञपयिषति ।

पू = पिपविषते । दम्भ् = धीप्सति / धिप्सति / दिदम्भिषति ।

तन् = तितांसति / तितंसति / तितनिषति । पत् = पित्सति / पिपतिषति ।

प्रति + इ = प्रतीषिषति । यु = यियविषति ।

(E) इ (જવું) નો गम् થાય છે. અભ્યસિત (દ્વિરૂક્ત) અક્ષર પછી जि ના ज् નો ग् થાય છે. हि અને हन् ના ह નો घ् થાય છે અને चि ના च् નો क् વિકલ્પે થાય છે.

૬. પ્રેરક અને દશમા ગણમાં અંગ ઉપરથી ઈચ્છાદર્શક રૂપ થાય છે.

દા.ત. चुर् = चुचोरयिषति । बुध् = बुबोधयिषति ।

૭. અદ્યતન પાઠ-૨૨ ત્રીજા પ્રકારનો નિયમ ૪ અહીં લાગે છે.

દા.ત. भू = भावय = बिभावयिषति ।

૮. ज्ञा, श्रु, स्मृ અને दृश् ધાતુના રૂપો આત્મનેપદમાં થાય છે.

દા.ત. ज्ञा = जिज्ञासते ।

૯. ઈચ્છાદર્શક અંગને उ લગાડવાથી 'ઈચ્છનાર' એટલેકે ઈચ્છાદર્શક નામ બને છે. આ ક્રિયાવાચક નામો બીજી વિભક્તિનું નામ (કર્મ તરીકે) લે છે.

દા.ત. चिकीर्षुः कटम् ।

૧૦. ઈચ્છાદર્શક અંગને आ લગાડવાથી ભાવવાચક નામ થાય છે.

દા.ત. ज्ञा = जिज्ञासा । (જાણવાની ઈચ્છા)

રૂપાખ્યાન

➔ गम् (દશ કાળમાં રૂપો)

૧.जिगमिषति (વર્ત.કા.), ૨. अजिगमिषत् (લ.ભૂ.કા.), ૩. जिगमिषतु (આજ્ઞાર્થ), ૪. जिगमिषेत्(વિધ્યર્થ), ૫. जिगमिषिता (શ્વ. ભવિ.કા.), ૬.जिगमिषिष्यति (સામા.ભવિ.કા.), ૭. जिगमिषाञ्चकार (પરોક્ષ ભૂ.કા.), ૮. जिगमिष्यात् (આશીર્વાદાર્થ), ૯. अजिगमिषिष्यत् (ક્રિયાતિપત્ત્યર્થ), ૧૦. अजिगमिषिषत् (અદ્યતન ભૂ.કા.)

➔ कृ = कृ + स् = कृ + स् = कीर् + स् (પાઠ-૧, નિયમ ૧૦) = चिकीर् +

स् = चिकीर् + ष् + अ = चिकीर्षति ।

➔ मृ = मृ + स् = मृ + स् = मूर् + स् = मुमूर् + स् = मुमूर्षति ।

➔ भू = भू + स् = बुभू + स् = बुभूषति ।

➔ ग्रह् = ग्रह् + स् = जग्रह् + स् = जिगृह् + स् = जिगृद् + स् = जिघृद् + स् = जिघृक् + स् = जिघृक्षति ।

➔ द्युत् = द्युत् + स् = दिद्युत् + स् કે दिद्योत् + स् = दिद्युतिषते । કે दिद्योतिषते।

➔ भिद् = भिद् + स् = बिभिद् + स् = बिभित्सति ।

ધાતુઓ

પહેલો ગણ

उद् + नम् - ૫.ઉગામવું (પ્રેરક)

उप + नी - આ. જનોઈ આપવી, ઉપનયન કરવું.

अभि + पत् - ૫. કોઈની તરફ કૂદવું.

अधि + रुह् - ૫. ચઢવું.

निर् + सृ - ૫. હાંકી કાઢવું, કાઢી મૂકવું (પ્રેરક)

છઠ્ઠો ગણ

तुद् - ઉ. છોડવું.

નવમો ગણ

सम् + ग्रह् - સંગ્રહ કરવો, ભેગું કરવું.

દશમો ગણ

अर्थ् - આ. યાચવું, માગવું

नि + वृ - સામા થવું, વારવું

નામધાતુ

अर्थापय - ઉ. સ્પષ્ટ કરી સમજાવવું

दोलय, आन्दोलय - હિંડોળવું, ઝુલાવવું

નામ (A - સંસ્કૃતનું ગુજરાતી)

પુંલિંગ

अधिकार -કોઈપણ ધર્મક્રિયા કરવા માટે યોગ્યતા

अपराम्बुनिधि - (अपर - બીજો એટલે પશ્ચિમનો + अम्बुनिधि) પશ્ચિમનો સમુદ્ર

अभिताप- ઘણો જ બાળતો તાપ

अस्तगिरि - પશ્ચિમનો પર્વત, જેના ઉપર સૂર્ય-ચન્દ્ર અને તારા આથમે છે એવું કલ્પેલું છે તે

आचार्य - વિદ્યાર્થીને જનોઈ પહેરાવી વેદ શીખવે છે તે ધર્મગુરુ

उडुप - ત્રાપો, કોટીઉં

उष्णरुचि - સૂર્ય

दिगन्त - દિશાઓનો છેડો, બધી દિશાઓનો દેશ.

द्वारपाल - દરવાન, દ્વારરક્ષક

मुर - વિષ્ણુ અથવા કૃષ્ણના શત્રુનું નામ છે.

संभव - જન્મ

सूर्यवंश - સૂર્યનું કુળ

स्त्रीलिंग

अल्पविषया - ટુંકા વિષયવાળી, ટુંકી

आशा - ઉમેદ

इष्टदेवता - ઈષ્ટ દેવ, આરાધ્ય દેવતા

पङ्क्ति - હાર, લીટી

परिसमाप्ति - છેડો, સંપૂર્ણત્વ

सिद्धि - સંપૂર્ણત્વ

नपुंसकलिंग

कूल - કિનારો

कृच्छ्रत्रय - (**कृच्छ्र** - ન. પ્રાયશ્ચિત + **त्रय** - ત્રણ) ત્રણ પ્રાયશ્ચિત

बल - સૈન્ય

वर्षण - *વરસવું, વરસાદ*

सांख्य - એક દર્શન એટલે શાસ્ત્રનું નામ છે.

सोपान - દાદર, પગથીયા

विशेषण

अविघ्न - વિઘ્નરહિત, ઈજા વગરનું

उग्र - સખત, તીક્ષ્ણ

कतिचित् - કેટલાએક (સર્વ.)

कार्यद्वयाकुल - એક જ વખતે બે વસ્તુઓ કરવાની હોવાથી વ્યગ્ર થયેલો

दुर्बुद्ध - સમજવું કઠણ પડે એવું, ગૂઢ

प्रचण्ड - બળતું, ઉગ્ર

भग्न - (**भञ्ज्** નું કર્મ. ભૂ.કૃ.) નાશ પામેલું

भूरि - ઘણું

यूरोपीय - યુરોપખંડનું

वैदिक - વેદનું

क्रियाविशेषण

अभिचैद्यम् - (**चैद्य** - પું. ચેદિનો રાજા અને કૃષ્ણનો શત્રુ, એ શબ્દ ઉપરથી) ચૈદ્ય તરફ

हठात् - *જોર જુલમથી*

नाम (B - ગુજરાતીનું સંસ્કૃત)

पुंलिंग

તકરાર - **वादविवाद**

તત્ત્વ જાણનાર - **तत्त्वविद्**

પાંજરૂં - **पञ्जर**

બન્ધ - **निगड** (ન.)

રૂઢી - **विधि**

સગું - **ज्ञाति, बन्धु**

स्त्रीलिंग

ઘોડીઉ - **प्रेङ्खा**

રૂઢી - **पद्धति**

નપુંસકલિંગ

તન્માત્ર - **तन्मात्र**

બન્ધ - **बन्धन**

વિશેષણ

ચમત્કારી - **अद्भुत**

તીક્ષ્ણ - **प्रबल, बलीयस्**

તેજસ્વી - **देदीप्यमान, विभ्राजमान**

(વર્ત. કૃ.)

દીપતું - **उत्तेजित** (કર્મ. ભૂ. કૃ.), **उद्दीपित** (કર્મ. ભૂ.કૃ.)

ન દેખાઈ શકે એવું - **अदृश्य**

પીડાયું, પીડાયેલું - **आर्त** (ભૂ.કૃ.), **अर्दित** (કર્મ. ભૂ.કૃ.)

ફીકું - **पाण्डु, विवर्ण**

સખત - **प्रचण्ड**

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ સંસ્કૃતનું ગુજરાતી કરો.

૧. प्रारिप्सितस्य ग्रन्थस्याविघ्नपरिसमाप्तय इष्टदेवतां स्तौति ।

૨. स्वयंवरकाले सीतां लिप्सवो रावणादयो बहवो राजानो विदेहाञ्जग्मुः । किं तु रुद्रधनुर्नमयितुमशक्ताः सर्वे भग्नाशा बभूवुः ।

૩. अभितापसंपदमथोष्णरुचिर्निजतेजसामसहमान इव ।
पयसि प्रपित्सुरपराम्बुनिधेरधिरोढुमस्तगिरिमभ्यपतत् ॥

૪. ब्रह्मतत्त्वं जिज्ञासमानः कश्चिदाचार्यमुपेत्याध्यापय भो ब्रह्मेत्युवाच ॥

૫. तस्यां सभायामेव दुर्योधनं गदाघातेन जिघांसुर्भीमसेनो युधिष्ठिरेण निवारितः ।

૬. यियक्षमाणेनाहूतः पार्थेनाथ द्विषन्मुरम् ।
अभिचैद्यं प्रतिष्ठासुरासीत्कार्यद्वयाकुलः ॥

૭. प्रासादतलमारुरुक्षुः सोपानपङ्क्तिषु पदं निधत्ते ।

૮. यूरोपीयवैभवं दिदृक्षमाणाः प्रतिसंवत्सरं कतिचिद्भरतखण्डीया अङ्ग्लभूम्यादिदेशानग्निनौकाभिर्गच्छन्ति ।

૯. ब्राह्मणो बुभूषू राजर्षिर्विश्वामित्र उग्रं तपश्चक्रे ।

૧૦. प्रभूतवर्षणादस्या नद्याः कूलं पिपतिषति । तदस्मिन्मा पदं निधेहि ।

૧૧. सूर्यवंशसंभवानां राज्ञां यशो जिगासुः कालिदास आह ।

૧૨. क्व सूर्यप्रभवो वंशः क्व चाल्पविषया मतिः ।
तितीर्षुर्दुस्तरं मोहादुडुपेनास्मि सागरम् ॥

१३. भूरि धनमादित्सुना बलेनानुगम्यमानः शरदारम्भे दिगन्ताञ्जिगीषु रघुरयोध्यायाः प्रतस्थे ।

१४. बटुमुपनिनीषुराचार्यः स्वाधिकारसिद्धये कृच्छ्रत्रयं कुर्यात् ।

१५. राजगृहं प्रविविक्षुर्ऋषिकुमारको हठान्निःसारितो दुर्विनीतैर्द्वारपालैः ।

१६. आत्मनः कौशलं दिदर्शयिषन्त्यङ्गना महान्तं कालमनृत्यत् ।

१७. अर्थयन्ते द्विजन्मानो तस्मादर्थं यियक्षवः ।
अर्थापयत्यसौ सम्यग् दुर्बुद्धं वैदिकं वचः ॥

प्रश्न-२. ગુજરાતીનું સંસ્કૃત કરો.

१. કૂતરો મરવામાં છે (मृ), તેને છેડો નહિ.

२. ઝાડની ડાળીને નમાવવાની ઈચ્છા કરીને (नम् પ્રેરક) તેણે હાથ ઉંચો કર્યો.

३. ઘણું સખત તોફાન ચઢી આવ્યું, સૂર્ય દેખાતો બંધ થયો, અને જાણે પવન બધા ઝાડોને મૂળમાંથી ઉખેડી નાંખવા માંગતો હોય (उद् + मूल्) અને બધા ઘરનો નાશ કરવા ઈચ્છતો હોય એવું લાગ્યું (भञ्ज्).

४. હજારો વર્ષ સુધી વિશ્વામિત્રે તપશ્ચર્યા કરી અને ત્યાં સુધીમાં તેનું બધું કાઠું બ્રહ્મના તન્માત્ર તત્ત્વથી દીપિત થયું અને પોતાના અદ્‌ભૂત તેજથી આખી સૃષ્ટિને બાળી નાંખવાની તૈયારીમાં હોય એમ દેખાયું (दह्).

५. પોતાના સગા પોતાની સાથે લડવાને તૈયાર (युध्) જોઈને તેનું મોં ફીકું પડ્યું.

६. આ છોકરું ઉંઘવામાં છે (स्वप्), ઘોડીયામાં સુવાડો અને તેને ઝુલાવી ઉંઘાડો.

७. એક માણસ બારણે ઉભો છે, જરૂરના કામ માટે તમારી સાથે બોલવા ઈચ્છે છે (वच्).

८. જે આ સંસાર બંધનથી મુક્ત થવા ઈચ્છે છે, (मुच्) તેણે તત્ત્વદર્શી પાસે જવું, બ્રહ્મને ઓળખી તેનું ધ્યાન ધરવું.

९. જે પુનર્વિવાહનો રિવાજ ચલાવવા માંગે છે (प्र + वृत् પ્રેરક) તેણે તે કામ એકદમ શરૂ કરવું, વિવાદનો વખત ગયો છે.

१०. તે લડાઈમાં એક સિપાઈ હતો અને તે ઘાયલ થવાથી ઘણી જ તરસથી (પાણી પીવાની ઈચ્છાથી) (पा) પીડાયો.

११. પોતાની તલવારથી ધૃષ્ટકેતુ એક ઋષિને પોતાનો શત્રુ જાણી મારવા જતો હતો (प्र+हृ) ત્યારે મેં તેને હાથથી પકડ્યો.

૧૨. ગંગાના પવિત્ર પાણીમાં **નાહવાની ધારણા રાખી (स्ना)** અને સાંખ્યદર્શન ભણવાને બે વર્ષ ત્યાં રહેવાની ઈચ્છાથી **(नि+वस्)** હું કાશી ગયો.

૧૩. **ફુલ ભેગાં કરવાની ઈચ્છાથી (अव+चि)** બે કન્યા બાગમાં ગઈ.

૧૪. સ્વયંભૂ ઈશ્વર, **સૃષ્ટિ રચવાની ઈચ્છાથી (सृज्)** સર્વ અવકાશને ઢાંકી મૂકનાર પાણીની સપાટી ઉપર દેખાયા.

૧૫. જે પોપટ આજ સવારે પાંજરામાં પૂરાયો હતો તે **ઉડી જવાની તૈયારીમાં** છે **(डी के उद् + पत्)**.

सुज्ञेषु किं बहुना ? । - સુજ્ઞને વધુ શું કહેવું ?

विरक्तस्य तृणं भार्या । - નિરાગીને સ્ત્રી એ તૃણતુલ્ય છે.

संसर्गजा दोषगुणा भवन्ति । - સંસર્ગથી દોષ અને ગુણ આવે છે.

भावेषु विद्यते देवः । - ભાવ હોય ત્યાં દેવ હોય છે.

मूर्खस्य हृदयं शून्यं । - મૂર્ખનું હૃદય શૂન્યવત્ હોય છે.

नास्ति जागरतो भयम् । - જાગૃત રહેનારને ભય હોતો નથી.

પાઠ - ૨૬

ધાતુ સાધિત શબ્દો

ભૂમિકા

૧. માર્ગો. પાઠ ૨૪માં આપેલ કૃદંતો સિવાયના કૃદંત આ પાઠમાં આપેલ છે.

૨. સ્વાધ્યાય પ્રશ્ન-૨માં છાપેલા જાડા અક્ષરોને ઠેકાણે કૃદંત વાપરવા.

પ્રત્યયો અને નિયમો

૧. અંતઃસ્થ, અનુનાસિક સિવાય કોઈપણ વ્યંજનથી શરૂ થતા અવિકારક પ્રત્યય પૂર્વે અંત્ય **વ્** નો **ઊ** થાય છે અને **ઊ** પૂર્વના **અ** કે **આ** જોડે મળે ત્યારે બે સ્વરોને સ્થાને વૃદ્ધિ કે **ઔ** થાય છે.

૨. નામ પછી જ્યારે **માત્ર** પ્રત્યય આવે ત્યારે તે પ્રત્યયનો અર્થ 'માત્ર', 'ફક્ત' થાય છે.

દા.ત. વિદ્ધમાત્ર । - ઘાયલ થતાં વાર જ.

વિધ્યર્થ કૃદંત

પ્રત્યયો - તવ્ય, અનીય, ય

૧. આ કૃદંત ભાવે અને કર્મણિ પ્રયોગમાં આવે છે.

દા.ત. મયા સ્થાતવ્યમ્ ।

૨. આ કૃદંત કર્મનું વિશેષણ બને છે. કર્તાને તૃતીયા કે ષષ્ઠી લાગે છે.

દા.ત. મયા / મમેદં કર્તવ્યમ્ ।

૩. **(A) તવ્ય** અને **અનીય** પૂર્વે અંત્ય સ્વર અને ઉપાંત્ય હ્રસ્વ સ્વરનો ગુણ થાય છે.

દા.ત. કૃ = કર્તવ્ય । કરણીય ।

(B) તવ્ય માં સેટ્ ધાતુ પૂર્વે **ઇ** લાગે છે. તથા દશમા ગણમાં ગુણ-વૃદ્ધિ થયા પછી **અય** લગાડી **ઇ** લગાડવી.—

દા.ત. ઘુષ્ = ઘોષયિતવ્ય ।

૪. દશમા ગણમાં **अनीय** પૂર્વે ગુણ-વૃદ્ધિ થાય છે.

દા.ત. **घुष् = घोषणीय ।**

૫. **(A) य** પૂર્વે અંત્ય - ઉપાંત્ય **इ - उ** નો ગુણ થાય છે.

દા.ત. **नी = नेय । कु = को = कव्य ।**

(B) અંત્ય **ओ** નો **अव्** અને **आ** નો **ए** થાય છે.

દા.ત. **भू = भो = भव्य । दा = देय ।**

(C) ऋ કરાંત ધાતુમાં **ऋ** ની વૃદ્ધિ થાય છે.

દા.ત. **कृ = कार्य ।**

(D) અંત્ય **च्** નો **क्, ज्** નો **ग्** થાય. ઉપાંત્ય **अ** ની વૃદ્ધિ થાય છે.

દા.ત. **पच् = पाक्य ।**

(E) इ, स्तु, वृ (ઉ.), **दृ, जुष्** અને ઉપાંત્ય **ऋ** વાળા ધાતુઓના સ્વરમાં ફેરફાર થતો નથી. તથા હ્રસ્વ સ્વર પછી **य** પૂર્વે **त्** મૂકાય છે. આ નિયમ કેટલાકને લાગતો નથી તે ઘણા હોવાથી અહીં લખેલ નથી.

દા.ત. **स्तु = स्तुत्य ।**

પ્રત્યય - तृ, अक

૧. આ પ્રત્યયોથી ધાતુ સૂચિત ક્રિયા કરનાર નામો બનાવાય છે.

૨. આ પ્રત્યયો લાગે ત્યારે તે ધાતુના કર્મને ષષ્ઠિ લાગે છે.

૩. **(A) तृ** પૂર્વે અંત્ય સ્વર અને ઉપાંત્ય હ્રસ્વ સ્વરનો ગુણ થાય છે.

(B) अक પૂર્વે અંત્ય સ્વર અને ઉપાંત્ય **अ** (**म्** કારાંત સેટ્ ધાતુના ઉપાંત્ય **अ** સિવાય) ની વૃદ્ધિ થાય છે અને ઉપાંત્ય હ્રસ્વ સ્વરનો ગુણ થાય છે.

દા.ત. **नी = नेतृ । नायक । बुध् = बोद्ध । बोधक ।**

वच् = वक्तृ । वाचक । शम् = शमक । आ + चम् = आचामक ।

૪. **तृ** પૂર્વે સેટ્ ધાતુને **इ** લાગે છે.

દા.ત. **रक्ष् = रक्षितृ ।**

૫. **आ** કારાંત ધાતુઓમાં **अक** પૂર્વે **य** લાગે છે.

દા.ત. **स्था = स्थायक । दा = दायक ।**

૬. વૃદ્ધિ કરનાર ધાતુ સાધિત પ્રત્યય પૂર્વે **हन्** ના **न्** નો **त्** થાય છે. પાઠ ૨૪, અદ્યતન કર્મણિનો નિયમ ૨- F જુઓ.

દા.ત. **घातक ।**

૭. **तृ** નું સ્ત્રીલિંગ અંગ **तृ + ई = त्री** થાય

अक નું સ્ત્રીલિંગ અંગ **इका** થાય છે. કેટલીક વાર **अका** પણ થાય છે.

દા.ત. **नी = नी + तृ + ई = नेत्री । नी + इका = नायिका ।**

ભાવકૃદંત - ધાતુના અર્થનો સૂચક કૃદંત

પ્રત્યય -	अन	अ	ति
	↓	↓	↓
	નપુંસકલિંગ	પુંલિંગ	સ્ત્રીલિંગ
દા.ત.	**गमन**	**गम**	**गति**

૧. **ति** અવિકારક પ્રત્યય છે. બાકીના બે વિકારક છે. ભૂ.કૃના પ્રત્યય પૂર્વે ધાતુઓમાં જે ફેરફાર થાય છે તે જ ફેરફાર ઘણું કરીને **ति** પૂર્વે થાય છે.

દા.ત. **वच् = उक्ति । मुच् = मुक्ति ।**

૨. (A) **अ** પૂર્વે કેટલાક ધાતુમાં ગુણ અને કેટલાકમાં વૃદ્ધિ થાય છે.

(B) **अन** પૂર્વે અંત્ય સ્વર અને ઉપાંત્ય હ્રસ્વ સ્વરનો ગુણ થાય છે.

દા.ત. **भू = भाव = भवन । जि = जय ।**

हन् = घात = हनन । बुध् = बोध = बोधन

૩. અંત્ય **च्** કે **ज्** નો **अ** પૂર્વે **क्** કે **ग्** થાય છે.

દા.ત. **पच् = पाक । युज् = योग ।**

પરોક્ષ કૃદંત

૧. પરોક્ષ ભૂ.કા.નું કર્તરિ કૃદંત પરસ્મૈ.માં **वस्** અને આત્મને. માં **आन** અવિકારિ પ્રત્યય પૂર્વેના અંગને (જેવા કે તૃ.પુ. બ.વ.ને) લગાડવાથી થાય છે.

દા.ત. **कृ = चकृवस् । चक्राण । हृ = जह्रवस् । जह्राण ।**

૨. (A) એક સ્વરી અને **આ** કારાંત રૂપમાં **वस्** પૂર્વે **इ** લાગે છે.

દા.ત. दा = ददिवस् । पत् = पेतिवस् ।

(B) गम्, हन्, विद् (ગ. ૬), **विश्** અને **दृश्** પછી **वस्** વિકલ્પે **इ** લે છે.

દા.ત. गम् = जग्मिवस् / जगन्वस् ।

૩. **वस्** અને **आन** પૂર્વે **बन्ध्, अञ्ज्** વગેરે ધાતુઓનો અનુનાસિક લોપાય છે. તથા દીર્ઘ **ॠ** કારાંત ધાતુઓ ગુણ પામતા નથી.

દા.ત. बन्ध् = बबध्वस् । तॄ = तितीर्वस् ।

૪. **(A)** પરોક્ષ ભૂ.કા. નું તૃ.પુ.બ.વ. નું રૂપ કૃદંતના અંગ તરીકે દ્વિ. બ.વ. થી આગળ સ્વરથી શરૂ થતા પ્રત્યય પૂર્વે ગણવું.

(B) આ જ અંગ સ્ત્રીલિંગની નિશાની **ई** પૂર્વે અને

(C) નપુંસકલિંગના પ્રથમા, દ્વિતીયા અને સંબોધન દ્વિ.વ.માં લેવાય છે.

દા.ત. क्री = चिक्रीवस् = चिक्रियुषा । (તૃ. વિભક્તિ એ.વ.), **चिक्रियुषी** । (સ્ત્રી), **गम् = जगन्वस्** કે **जग्मिवस्** ઉપરથી **जग्मुषा** । (તૃ. વિભક્તિ એ. વ.), **जग्मुषी** (સ્ત્રી.)

અમુક બાબતમાં આ રૂપમાં ઉપરોક્ત નિયમ ૩ પ્રમાણે ફેરફાર થાય છે.

ભવિષ્ય કૃદંત

૧. **(A)** સામાન્ય ભવિ.કા. નું કૃદંત પરસ્મૈ. માં **अत्** અને આત્મને. માં **मान** પ્રત્યય રહિત કાળમાં અંગને લગાડવાથી થાય છે.

(B) પૂર્વેના **अ** નો **अत्** ની પૂર્વે લોપ થાય છે.

દા.ત. कृ = करिष्यत् / करिष्यमाण । (કરનાર) (કર્મણિમાં - કરાનાર)

दृश् = द्रक्ष्यत् । (જોનાર, જોવાનો), **द्रक्ष्यमाण** ।(દેખવાનું, દેખાનાર)

स्यत् નું સ્ત્રીલિંગ **स्यन्ती** કે **स्यती** થાય છે.

ધાતુઓ

પહેલો ગણ

उप + कृ - ઉ. ઉપકાર કરવો,

प्रदक्षिणीकृ - ઉ. પ્રદક્ષિણા કરવી.

प्रति + उद् + गम् - પ. સામું જવું

प्रति + दा - પ. પાછું આપવું

सदाचारेण + वृत् - આ. યોગ્ય રીતે

ચાલવું

બીજો ગણ

आशिषम् + वच् - ૫. આશીર્વાદ દેવો.

आ + शास् - આ. ઈચ્છવું, આશિષ આપવા.

ત્રીજો ગણ

पुरस् + धा - ઉ. કોઈને ગોર બનાવવો.

ચોથો ગણ

तम् - ૫. દુઃખી થવું.

सदाचारम् + प्रति +पद् - યોગ્ય રીતે ચાલવું

નામ (A - संस्कृतनुं गुजराती)

પુંલિંગ

अज - રઘુના પુત્રનું નામ.

अश्वतर - ખચ્ચર

कुम्भ - હાથીના કપાળના ભાગ ઉપરનો ગોળો

चैत्ररथ - ગંધર્વનો દેશ

प्रदेश - મુલક

वरुण - સમુદ્ર દેવતા

विदर्भ- દેશનું નામ છે. હાલ તેને વરાડ પ્રાંત કહે છે. (બ. વ. માં વપરાય)

विशिख - બાણ

शाप - શ્રાપ, શાપ

सेनानिवेश - લશ્કરની છાવણી

સ્ત્રીલિંગ

आख्या - નામ

इन्दुमती - એક સ્ત્રીનું નામ

नर्मदा- નદીનું નામ

वृष्टि - વરસાદ

सत्क्रिया - પરોણાગત, સત્કાર

सपत्नी - શોક્ય

નપુંસકલિંગ

उपकण्ठ - ગામ કે શહેરની પાસેની જગ્યા, પાદર, સીમ.

छन्दस् - પિંગળ, છંદ

जघनार्ध - (**जघन** - ન. કેડ, કટિનો પૂર્વ ભાગ + **अर्ध** - અડધું) પાછલો ભાગ.

रोधस् - કિનારો

लोकान्तरम्- (**अन्यो लोकः - लोकान्तरम्**) બીજી દુનીયા

संमोहन - એક અદ્‌ભૂત અસ્ત્રનું નામ છે.

सर्वस्व - (**सर्व** - સઘળું + **स्व** - ન.) બધી મિલ્કત, બધી માલમત્તા.

सौराज्य - સારું રાજ્ય

हव्य - બલિદાન

વિશેષણ

अत्यायत - ઘણું વેગળું, ઘણું લાંબું (કિ.વિ.)

अनुरूप - મળતું, યોગ્ય
दीपक - પ્રકાશમાન કરનાર
पुनरुक्तभूत - (**पुनरुक्त** - ફરીથી કહેલું અથવા ફરીથી કહેલી વાત + **भूत** - થયેલું) ફરીથી કહેવા જેવું
प्रत्यग्र - નવું, તાજું (કિ.વિ.)
वन्य - રાની અથવા વનનું

ક્રિયાવિશેષણ

अधस् - નીચે

નામ (B - ગુજરાતીનું સંસ્કૃત)

પુંલિંગ

ક્રૌંચ (એક પક્ષી) - **क्रौञ्च**
જરાસંધ (મગધ દેશના રાજાનું નામ) - **जरासंध**
નિષાદ (એક જંગલી જાતનું અથવા તે જાતના વ્યક્તિનું નામ) - **निषाद**
વિદુર (વિશેષ નામ) - **विदुर**

સ્ત્રીલિંગ

મગરૂર - **उत्सेकिनी**
વારણાવતી (એક જગ્યાનું નામ) - **वारणावती**

નપુંસકલિંગ

નિશાની - **चिह्न**

વિશેષણ

કિમતી - **महार्ह**
તહેવાર - **विलक्षण**
મગરૂર - **उत्सिक्त**(કર્મ. ભૂ. કૃ.)

વિશેષ

કેદ કરવું - **कारागृहे निक्षिप्**

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ સંસ્કૃતનું ગુજરાતી કરો.

૧. **तस्मादेवं विदुषे ब्राह्मणायैवं चक्रुषे न क्षत्रियो द्रुह्यात् ।**
૨. **राजा यक्ष्यमाणो ब्राह्मणं पुरोदधीत ।**
૩. **छन्दांसि वै देवेभ्यो हव्यमूढ्वा श्रान्तानि जघनार्धे यज्ञस्य तिष्ठन्ति यथाश्वो वाश्वतरो वोहिवांस्तिष्ठेदेवम् ।**
૪. **असुरैः सह योत्स्यमान इन्द्रो वरुणस्य साहाय्यं ययाचे ।**
૫. **वरुणसाहाय्यं लब्धवतस्तस्मात्सर्वेऽसुरा अबिभयुः ।**
૬. **व्यर्थं मे जन्म न मया कृतं कर्तव्यं न भुक्तं भोक्तव्यं न दृष्टं द्रष्टव्यं न श्रुतं श्रोतव्यम् ।**

૭. निषेदुषीं राज्ञीं दृष्ट्वा दास्योऽपि सपत्नीवृत्तं कथयिष्यन्त्योऽधस्तस्थुः ।

૮. ब्राह्मणेभ्यो दत्तसर्वस्वो रघुः प्रत्यग्रागतायार्थिने धनं दित्सुः कुबेरात्तन्निष्कृष्टुं चकमे । कुबेरस्तु तेनाभियास्यमानमात्मानं प्रेक्ष्य स्वयमेव तस्य कोशे धनवृष्टिं पातयामास । तत्सर्वं धनमात्मने ददिवांसं रघुं वक्ष्यमाणामाशिषं सोऽर्थ्युवाच ।

૯. आशास्यमन्यत्पुनरुक्तभूतं श्रेयांसि सर्वाण्यधिजग्मुषस्ते ।
पुत्रं लभस्वात्मगुणानुरूपं भवन्तमीड्यं भवतः पितेव ॥

૧૦. ततो रघुः पुत्रं प्रापाजं नाम । तं कतिभिः संवत्सरैर्विवाहयोग्यदशं ज्ञात्वा ससैन्यमिन्दुमतीस्वयंवराय विदर्भान्प्रस्थापितवान् ।

૧૧. मार्गे नर्मदारोधस्येकरात्रमुषितवतस्तस्य सेनानिवेशो वन्यगजत्वमृषिशापात्समापेदानेन केनचिद्गन्धर्वेण तुमुलश्चक्रे ।

૧૨. तमापतन्तं नृपतेरवध्यो वन्यः करीति श्रुतवान्कुमारः ।
निवर्तयिष्यन्विशिखेन कुम्भे जघान नात्यायतकृष्टचापः ॥

૧૩. स विद्धमात्रः स्वीयं दिव्यं रूपं प्राप । ततः प्रजहुषेऽप्यात्मन उपचक्रुषेऽजाय संमोहनाख्यमस्त्रं ददौ ।

૧૪. एवं तयोरध्वनि दैवयोगादासेदुषोः सख्यमचिन्त्यहेतु ।

૧૫. एको ययौ चैत्ररथप्रदेशान्सौराज्यरम्यानपरो विदर्भान् ।

૧૬. तं नगरोपकण्ठे तस्थिवांसं तदागमनहृष्टो विदर्भनाथः प्रत्युज्जगाम नगरं चानीय सर्वां सत्क्रियां चकार ।

૧૭. त्रैलोक्यदीपके देवे लोकान्तरमुपेयुषि ।
तमस्तान्तमभूद्विश्वं क सुखी महदापदि ॥

પ્રશ્ન-૨ ગુજરાતીનું સંસ્કૃત કરો.

૧. નિષાદ કે જેણે ક્રૌંચ પક્ષીની જોડમાંથી એકને **મારી નાંખ્યુ હતું (हन्)** તેને વાલ્મિકીએ શાપ દીધો.

૨. જે રાજકુમારે તેને સો ગાયો **આપવા વચન આપ્યું હતું (प्रति + श्रु)** તેને ઋષિએ આશીર્વાદ દીધો.

૩. પાંડવો જ્યારે વારણાવતી જવાની **તૈયારીમાં હતા (गम् કે इ)** ત્યારે વિદુરે તેમને શિખામણ દીધી.

૪. તેણે **શહેર બાળ્યું** તે પહેલાં તે સેનાપતિએ તેમાંથી બધા બૈરા છોકરાને બહાર

લઈ લીધા.

૫. તેને પૈસો પાછો **આપવાનું કહેતાં પહેલાં (आ + दिश्)** ન્યાયાધીશે બરોબર ચાલવા શિખામણ આપી.

૬. કાશીમાંથી યજ્ઞદત્તને જવાની **રજા મળી (अनु + ज्ञा)** તે પહેલાં દેવદત્તે તેને કરેલા પાપો માટે તપ કરવા કહ્યું.

૭. પતિને ઘેર જ્યારે **શકુન્તલાને મોકલવાની હતી (प्र + हि કે प्र + इष्)** ત્યારે કણ્વે તેને અગ્નિની પ્રદક્ષિણા કરવા કહ્યું અને પોતાની મોટાઈ માટે મગરૂર ન થવા શિખામણ આપી.

૮. જે લુગડા વિષ્ણુને **આપવાના છે (दा)** તે ઘણા સારા અને કિંમતી છે.

૯. ઝાડ **કપાવવાનું છે (छिद्)**.

૧૦. તેણે આ વિચિત્ર સંદેશો મોકલ્યો તેમાંથી શું **સમજવાનું (बुध्)**?

૧૧. જરાસંધ જેણે બધા રાજાઓને **જીત્યા હતા (जि)** અને કેદ કર્યા હતા તે કૃષ્ણ અને ભીમથી મરાયો.

૧૨. તેના વચન **વિશ્વાસ કરવા યોગ્ય નથી (वि+श्वस्)** અને તેના કામ **નિન્દા કરવા યોગ્ય છે (निन्द्)**.

૧૩. તે **ખાવા યોગ્ય નથી (भक्ष्, अभि + अव + हृ)** કે **પીવા યોગ્ય નથી (पा)**, આપણે શા માટે શોધવું. ?

૧૪. તેણે ડહાપણના ચિન્હો બતાવ્યાં હવે તેને મૂર્ખ **ગણવાનો નથી (मन्)**.

फलं नैव विना तरुम् । - વૃક્ષ વિના ફળ હોતા નથી.

कालस्य त्वरिता गतिः । - કાળની ગતિ વેગવાળી છે.

कर्मणो हि प्रधानत्वं । - કર્મની જ પ્રધાનતા છે.

સંસ્કૃત ગુજરાતી કોશ

અ

अकरुण - વિશે. (**करुणा** - સ્ત્રી. દયા) નિર્દય, દયાહીન.

अकिंचन - વિશે. (**किंचन** - ન. કંઈક) જેની પાસે કંઇ પણ ન હોય તે, ગરીબ.)

अक्ष - પું. જુગટાના પાસા.

अक्षज्ञ - વિશે. પાસાથી રમવાની કળા જાણનાર.

अक्षत्रिय - વિશે. ક્ષત્રિયવિનાનું

अक्षनैपुण - વિશે. પાસા નાખવામાં હોંશિયાર.

अक्षम - વિશે. અશક્ત

अक्षमाला - સ્ત્રી. (**अक्ष** - પું. એક છોડનું અને તેના મૂળનું નામ છે + **माला** - સ્ત્રી. કંઠી, માળા) રૂદ્રાક્ષની માળા.

अक्षरशः - ક્રિ.વિ. અક્ષરે અક્ષર.

अक्षहृदय - ન. પાસા નાખવાની કળા.

अक्षि - ન. આંખ

अक्षोभ्य - વિશે. ક્ષોભ ન પામે એવું, બીહે નહીં એવું, ડગે નહીં એવું.

अगद - વિશે. રોગ વગરનું, નીરોગી, સ્વસ્થ, આરોગ્ય.

अगस्त्य - પું. ઋષિનું નામ છે.

अगार - ન. ઘર.

अग्नितप्त - વિશે. (**अग्नि** અને **तप्त** - તપેલું) દેવતાથી તપેલું.

अग्निरथ - પું. આગગાડી

अग्निष्टोम - પું. એક જાતનો યજ્ઞ.

अग्निहोत्र - ન. અગ્નિદેવતાને આપેલો યજ્ઞ.

अङ्क - પું. ખોળો.

अङ्कित - વિશે. નિન્દિત, દૂષિત.

अङ्ग - ન. અવયવ

अङ्गन - ન. આંગણું

अङ्गार - પું. ન. અંગારો

अचिन्त्य - વિશે. અવિચાર્ય, ન ધારી શકાય એવું.

अज - પું. રઘુના પુત્રનું નામ છે, વિશે. નહીં જન્મેલું.

अजस्र - વિશે. હંમેશનું નિરંતરનું,

अजस्रम् - ક્રિ.વિ.

अजा - સ્ત્રી. બકરી.

अजीगर्त - પું. અક બ્રાહ્મણનું નામ છે.

अञ्ज् - ગ.૭ પરસ્મૈ. તેલ ચોપડવું,

वि + अञ्ज् - ખુલ્લું કરવું, ઉઘાડું કરવું

अञ्जन - ન. કાજળ, મેસ.

अञ्जलि - પું. ખોબો.

अण् - ગ.૪ આત્મને. શ્વાસ લેવો, જીવવું

अणु - વિશે. નાનું, પું. નાનો રજકણ

अतिघोर - વિશે. (**अति** + ઘણું) ભયંકર,

ક્રૂર.

અતિનિષ્કરુણ - વિશે. (**અતિ** - ઘણું, અતિશય) ઘણું નિર્દય, ક્રૂર.

અતિનિષ્ફલ - વિશે. અતિ વ્યર્થ.

અતિપ્રમાદ - પું. મોટી ચુક, ઘણી બેફીકરાઇ.

અતુલ - વિશે. અનુપમ.

અત્યર્થમ્ - ક્રિ.વિ. ઘણું.

અત્યરાતિ - પું. એક ક્ષત્રિયનું નામ છે.

અત્યાયત - ક્રિ.વિ. અથવા વિશે. ઘણું લાંબું, ઘણું દૂર.

અદ્ભુત - વિશે. આશ્ચર્યકારક.

અદ્યતન - વિશે. આજનું, આજને લગતું.

અદ્યપ્રભૃતિ - ક્રિ.વિ. (**અદ્ય** - આજ + **પ્રભૃતિ** - માંડીને, થી) આજથી, અત્યાર પછીથી.

અધમ - વિશે. નીચ.

અધર - સર્વ., વિશે. નીચલું, નીચેનું

અધર્મ - પું. દુષ્કૃત્ય.

અધસ્ - અવ્યય નીચે, તળે.

અધિકાર - પું. જગ્યા, અખ્તીયાર, હોદ્દો, કોઈ પણ ધર્મક્રિયા કરવાને યોગ્યતા.

અધિજ્યધન્વન્ - પું. જેનું ધનુષ ખેંચેલું હોય તે.

અધિષ્ઠાન - ન. જગ્યા.

અધીર - વિશે. સાબિત કે ગંભીર મનવગરનું, અલ્પમનવાળું, અધીરું.

અધ્વન્ - પું. માર્ગ

અધ્વર્યુ - પું. યાજ્ઞિક ગોર.

અન્ - ગ.૨ પરસ્મૈ. શ્વાસ લેવો,

પ્ર + અન્ - શ્વાસ લેવો, જીવવું.

અનડુહ્ - પું. બળદ

અનનુષ્ઠાન - ન. (**અનુષ્ઠાન**-ન. કરવું, સાધવું) ન કરવું તે, ન કીધાની કસૂર.

અનપત્યતા - સ્ત્રી. (**અપત્ય** - ન.છોકરું) વાંઝિયાપણું.

અનપરાધિન્ - વિશે. નિરપરાધી, નિર્દોષ

અનય - પું. ડહાપણનો અભાવ.

અનર્હ - વિશે. અયોગ્ય.

અનલ - પુ. અગ્નિ

અનવેક્ષણ - ન. સંભાળ ન લેવી તે.

અનાગસ્ - વિશે. નિરપરાધી

અનાથ - વિશે. લાચાર, ધણી વગરનું, આશ્રયહીન.

અનાદ્યનન્ત - વિશે. (**અનાદિ** - જેનો આરંભ નહીં તે + **અનન્ત** - જેનો છેડો નહીં તે) આરંભ અને છેડા વિનાનું.

અનારમ્ભ - પું. પ્રારંભ નહીં તે.

અનાર્જવોપેત - વિશે. (**આર્જવ** - ન. પ્રમાણિકપણું + **ઉપેત** - **ઉપ** + **ઇ** નું કર્મણિ ભૂ.કૃ., યુક્ત) અપ્રમાણિક.

અનિગ્રહ - પું. (**નિગ્રહ** - પું. કબજો, નિયમ) કબજામાં ન રાખવું તે, નિરંકુશપણું.

અનિલ - પું. પવન.

अनिशम् - ક્રિ.વિ. વારંવાર, નિરંતર, હંમેશાં

अनिषण्ण - વિશે. બેઠેલું નહીં તે.

अनीक - ન. સૈન્ય, સેના.

अनीकस्थ - વિશે. (**अनीक** - ન. અને **स्था** - રહેવું) લશ્કરમાંનો એક સિપાઈ.

अनुकम्पिन् - વિશે. દયાવાન.

अनुचर - પું. ચાકર, નોકર.

अनुत्सेक - પું. નમ્રતા, ગર્વાભાવ

अनुपहत - વિશે. અવિચ્છન્ન.

अनुबन्ध - પું. જારી રહેવું તે.

अनुमरण - ન. સતી થવું, મરનારની પાછળ મરવું તે.

अनुराग - પું. પ્રીતિ, મહેરબાની.

अनुरूप - વિશે. મળતું, મુજબનું, પ્રમાણેનું.

अनुलेपन - ન. મલમ, અંગને લગાડવાનો સુગન્ધિ પદાર્થ.

अनुविधेय - વિશે. અનુસરવા યોગ્ય, પ્રમાણે ચાલવું.

अनुषक्त - (**अनु** + **सक्त, सञ्ज्** નું. કર્મણિ ભૂ.કૃ.) સાથે રહેલું, જોડાયેલું.

अनुष्ठान - ન. કરવું તે.

अनुष्ठेय - (**अनु+स्था** નું વિધ્યર્થ કૃ.) કરવાનું હોય તે.

अनूच्य - (**अनु+वच्** નું વિધ્યર્થ કૃ.) ભણી જવાનું.

अन्त - પું. છેડો, નાશ.

अन्तःपुरिका - સ્ત્રી. જનાનખાનામાં રહેનારી સ્ત્રી.

अन्तक - પું. યમરાજા.

अन्तगमन - ન. અન્તે જવું

अन्ततः - ક્રિ.વિ.આખરે.

अन्तर - ન. ફેર.

अन्तरित - વિશે. તફાવતવાળું, જુદું પડેલું.

अन्य - સર્વ., વિશે. ઇતર, બીજું.

अन्यथा -ક્રિ.વિ. બીજીરિતે, નહિતો.

अन्येद्युः - ક્રિ.વિ. બીજે દિવસે.

अन्वाह - (**अनु** + **आह**) તે બોલે છે

अन्वित - (**अनु** + **इ** નું કર્મણિ ભૂ.કૃ.) યુક્ત, સહિત, ભરેલું.

अन्विष्यत् - (**अनु** + **इष्** ગ.૪ પરસ્મૈ. નું વર્તમાન કૃ.) શોધતાં

अप् - સ્ત્રી. પાણી (બ.વ. માં વપરાય છે).

अपचिति - સ્ત્રી. પૂજા.

अपथ्य - ન. અવગુણકારક ચીજ.

अपयशस् - ન. અપકીર્તિ.

अपर - સર્વ., વિશે. બીજું.

अपराधसहस्र - ન. (**सहस्र** - ન. હજાર) હજારો અપરાધો.

अपराम्बुनिधि - પું. (**अपर** - બીજો એટલે પશ્ચિમ + **अम्बुनिधि** - સમુદ્ર) પશ્ચિમનો સમુદ્ર.

अपवित्र - વિશે. અપવિત્ર, પાપી

अपेक्षित - ન. (**अप** + ईक्ष् નું કર્મણિ ભૂ.કૃ.) જે ઇચ્છેલું હોય તે.

अप्रणय - પું. કઠોરતા.

अप्रतिविधेय - વિશે. ઉપાય રહિત, દુઃસાધ્ય.

अप्रतिहत - વિશે. પ્રતિબન્ધ રહિત, અટકાવાય નહીં એવું.

अप्रमत्त - વિશે. (**अ** અને **प्रमत्त** - બેફીકરૂં) બેફીકરૂં નહીં તે, સાવચેત.

अप्रवक्तृ - પું. જે બોલતો અથવા શિખવતો નથી.

अब्ज - ન. કમળ.

अब्द - પું. વર્ષ.

अभाजन - ન. અપાત્ર, નાલાયક, અમુક કાર્યને માટે નિર્મિત નથી તે.

अभिगीत - (**अभि** + **गै** ગ.૧ પરસ્મૈ. નું કર્મણિ ભૂ.કૃ.) ગાયેલું, ગવાયેલું.

अभिचैद्यम् - ક્રિ.વિ. (**चैद्य** - પું. ચેદિનો રાજા, એ કૃષ્ણનો શત્રુ હતો) ચૈદ્યતરફ.

अभिताप - પું. ઘણોજ બળતો તાપ.

अभिनव - વિશે. નવીન, કોમળ.

अभिमन्यु - પું. અર્જુનનો પુત્ર.

अभिमुख - વિશે. સામું.

अभियुक्त - વિશે. ગુણી, યોગ્ય, પુણ્યશાળી.

अभिषेचनीय - પું. રાજસૂય યજ્ઞમાં એક ક્રિયા કરવામાં આવે છે તેનું નામ, તે યજ્ઞ કરવાનો દિવસ.

अभिसंधा - સ્ત્રી. વચન, નિશ્ચય.

अभिहित - (**अभि** + **धा** નું કર્મણિ ભૂ.કૃ.) બોલાયેલું.

अभ्यागत - (**अभि** + **आ** + **गम्** નું કર્મ. ભૂ.કૃ.) આવેલું, પું. પરોણો.

अम् - ગ.૧ પરસ્મૈ. હાલવું.

अमावास्या - સ્ત્રી. અમાસ.

अमित्र - પું. શત્રુ

अमुत्र - ક્રિ. વિ. પરલોકમાં

अमृत - ન. ઇશ્વરોનું પાન, અમૃત.

अमोघ - વિશે. સફળ, ખરું.

अम्भस् - ન. પાણી.

अम्भोजिनी - સ્ત્રી. કમળનો છોડ.

उद् + **अय्** - ગ.૧ આત્મને. ઉદય થવો.

अयस् - ન. લોઢું.

अरण्यवास - પું. (**अरण्य** - ન. જંગલ, વન + **वास** - પું. રહેઠાણ) વનમાંનું રહેઠાણ.

अरिस्त्री - સ્ત્રી. દુશ્મનની સ્ત્રી

अरुण - પું. સૂર્યનો સારથિ.

अरुष् - પું.ન.ઘા જખમ.

अर्घ्यसत्कार - પું. (**सत्कार** - પું. માન) અતિથિની પૂજા કરવાના અથવા તેને માન આપવાના સાહિત્યથી આપેલું માન.

अर्ज् - ગ.૧ પરસ્મૈ. અને ગ.૧૦, મેળવવું, કમાવવું.

अर्थ् - ગ. ૧૦ આત્મને. માગવું,

प्र + **अर्थ्** - અરજ કરવી.

અર્થ - પું. ખરોભાવ, અર્થ, ઇચ્છેલી વસ્તુ

અર્થસંશય - પું. (**સંશય** - પું. શક, ભય) ધનને લગતો ભય.

અર્થાપય - નામ ધાતુ. ઉ. સ્પષ્ટ કરી સમજાવવું.

અર્થિન્ - પું. ગરજવાન, યાચક.

અર્દ્ - ગ.૧ અને ગ.૧૦ પીડવું, દમવું.

અર્ધકોટી - સ્ત્રી. (**અર્ધ** - ન. અડધું + **કોટી** - સ્ત્રી. કરોડ) અડધો કરોડ અથવા પચાસ લાખ.

અર્યમન્ - પું. દેવલોક, ગતપૂર્વજ.

અર્વન્ - પું. ઘોડો.

અર્હ્ - ગ.૧ પરસ્મૈ. અને ગ.૧૦ ઘટવું, છાજવું.

અલક્ષ્મી - સ્ત્રી. ખોટું નસીબ, દરિદ્રતા.

અલસ - વિશે. સુસ્ત, મન્દ, આળસુ.

અલાભ - પું. નુકશાન

અલોભ - પું. સંતોષ.

અલ્પ - વિશે. નાનું, થોડું.

અનલ્પ - વિશે. ઘણા, ઘણું.

અલ્પવિષય - સ્ત્રી. ટુંકા વિષયવાળી, ટુંકી

અવજ્ઞાત - (**અવ+જ્ઞા** નું કર્મણિ ભૂ.કૃ.) ધિક્કારાયેલું.

અવદાત - વિશે. સુંદર, સફેદ, શ્વેત, સ્વચ્છ, પુણ્યશાળી

અવર - સર્વ. વિશે. પાછલું, પછીનું.

અવલમ્બમાન - વિશે. (**અવ + લમ્બ્** નું વર્તમાન કૃદંત) લટકતું.

અવલેપ - પું. ગર્વ.

અવશ - વિશે. પરાધીન, પરવશ, આશ્રયરહિત.

અવશ્યમ્ - ક્રિ.વિ. નક્કી.

અવસ્થાન - ન. રહેઠાણ.

અવહિત - (**અવ + ધા** નું ભૂ.કૃ.) ધ્યાન રાખેલું.

અવાચ્ - વિશે. દક્ષિણનું.

અવિઘ્ન - વિશે. અડચણ વગરનું.

અવિનાશિન્ - વિશે. નાશ નહીં પામે એવું.

અવિલમ્બિતમ્ - ક્રિ.વિ. તરત.

અવ્યય - વિશે. ફરે નહીં એવું, નિર્વિકાર.

અશ્ - ગ.૫ આત્મને. મેળવવું, ભોગવવું, વ્યાપવું,

વિ + અશ્ - વ્યાપવું

અશ્ - ગ.૯ પરસ્મૈ. ખાવું.

અશક્ત - વિશે. નબળું, અશક્તિમાન.

અશન - ન. ખાવું તે, ભોજન

અશના - સ્ત્રી. ભુખ.

અશોક - પું. આશોપાલવનું ઝાડ.

અશ્વતર - પું. ખચ્ચર.

અશ્વમેધ - પું. એક પ્રકારનો યજ્ઞ (એમાં અશ્વનું બળિદાન થાય છે.)

અશ્વહૃદય - ન. ઘોડા ચલાવવાની કળા.

अश्विन् - (દ્વિ.વ. માં વપરાય છે.) બે સ્વર્ગલોકના વૈદ્યો (સાથે જન્મેલા).

अष्टावक्र - પું. પુરુષનું નામ છે.

निर्+ अस् - ગ.૪ २द કરવું, કાઢી નાખવું.

अस् - ગ.૨. પરસ્મૈ. હોવું.

असंशयम् - ક્રિ.વિ. નક્કી.

असत्पुरुषसेवा - સ્ત્રી. (**सत्** - વિશે. સારું + **सेवा** - સ્ત્રી. ચાકરી.) દુષ્ટ અથવા નિર્દય પુરુષની ચાકરી.

असन् - ન. લોહી.

असह्य - વિશે. (**अ** + **सह्** નું વિધ્યર્થ કૃદન્ત) સહેવાય નહીં તેવું.

असार - વિશે. (**सार** - પું. જીવ તત્ત્વ) તત્ત્વ વગરનું, ફાયદા વગરનું, નકામું.

असिधारा - સ્ત્રી. (**धारा** - સ્ત્રી. ધાર) તલવારની ધાર.

असिधाराव्रत - ન. તલવારની ધાર ઉપર સુઈ રહેવા જેવું કઠણ વ્રત.

असु - પું. જીવ, પ્રાણ. (આ અર્થમાં હંમેશાં બ.વ.માં વપરાય છે કેમકે પ્રાણ પાંચ છે.)

असुभङ्ग - પું. મોત.

असूयय - નામધાતુ. દ્વેષભાવ રાખવો.

असृज् - ન. લોહી.

अस्त - પું. સૂર્યનું આથમવું તે.

अस्तगिरि - પું. પશ્ચિમનો પર્વત જેના ઉપર સૂર્ય, ચંદ્ર અને તારા આથમે છે એવું કલ્પેલું છે તે.

अस्थि -ન. હાડકું.

अहन् - ન. દિવસ.

अहरहः - અ. દરરોજ.

अहर्निशम् - ક્રિ.વિ. દહાડો અને રાત.

अहर्निशम् - ન. (સમાહાર દ્વન્દ્વ) દહાડો અને રાત.

अहि - પું. સર્પ.

अहोरात्र - પું. રાત - દિવસ.

अह्नाय - અ.ક્રિ.વિ. તત્ક્ષણ, તરત જ, જલ્દીથી.

आ

आ - મર્યાદા દાખવનાર અવ્યય, અવધિદર્શક અવ્યય.

आकार - પું. આકાર, રૂપ.

आकाशवायु - પું. આકાશમાંનો વાયુ.

आक्षेप - પું. મહેણું, નિન્દા.

आख्या - સ્ત્રી. નામ.

आगामिन् - વિશે. આવનારો - રી - રું

आङ्गिरस् - પું. અંગિરસ નો વંશજ.

आचरित - વિશે. આચરેલું, વર્તેલું, ન. આચરણ, કૃત્ય.

आचार्य - પું. વિદ્યાર્થીને જનોઇ પહેરાવી વેદ શિખવે તે ધર્મગુરુ.

आजि - પું. સ્ત્રી. લડાઈ, યુદ્ધ.

आज्ञप्त - (કર્મણિ ભૂ.કૃ.) હુકમ કરેલું.

आत्त - વિશે. (**आ** + **दत्त, दा** - 'આપવું'નું કર્મણિ ભૂ.કૃ.) લઇ લીધેલું.

आत्मघातक - पुं. न. (**आत्मन्** - પોતે + **घातक**-મારનાર) પોતાનો નાશ કરનાર

आत्मघातिन् - વિશે. આપઘાત કરનાર.

आत्मदमन - ન. મનનો કબજો રાખવો તે.

आत्मभाज् - પું. જેને આત્મા છે તે, માણસ

आत्मरुचित - વિશે. પોતાને ગમેલું.

आत्महित - ન. (**आत्मन्** - પોતે + **हित** - ભલું) પોતાનું ભલું.

आत्मीय - વિશે. પોતાનું.

आदर - પું. લક્ષ, માન.

आदिहेतु - પું. મૂળકારણ.

आनन - ન. મુખ.

आनीत - (**आ+नी** નું કર્મણિ ભૂ.કૃ.) આણેલું.

आन्तर - વિશે. અંદરનું.

आप् - ગ.૫ પરસ્મૈ. મેળવવું, સંપાદન કરવું,

अव + आप् - મેળવવું, પામવું.

आपराह्णिक - વિશે. પાછલા પહોરને લગતું, ઉતરતા દિવસને લગતું.

आपाण्डुर - વિશે. થોડું ફીકું.

आप्त - પું. મિત્ર, હિતઇચ્છનાર.

आप्रीत - વિશે. આપ્રી નામની કેટલીક ઋચા ભણીને અભિષેક કરાયેલું.

आमिष - પું. ન. માંસ

आमोद - પું. સુગન્ધ, સુવાસ, ખુશ્બુ.

आयत्त - વિશે. આધીન, સત્તામાં રહેલું, વશ.

आयास्य - પું. ઋષિનું નામ છે.

आयुष्काम - પું. લાંબી આવરદા ઈચ્છનાર.

आयुस् - ન. જીંદગી.

आराधना - સ્ત્રી. પૂજા.

आराधित - વિશે. સંતુષ્ટ કરેલું.

आरूढ - (**आ + रुह्** નું ભૂ.કૃ.) ચઢેલું.

आर्त - વિશે. દુઃખિત, પીડિત.

आर्द्र - વિશે. ભીનું.

आर्द्रा - સ્ત્રી. ચન્દ્રનું છઠ્ઠું નક્ષત્ર.

आलवाल - ન. ઝાડના મૂળની આસપાસ પાણી ભરી મૂકવા માટે કરેલું કુંડાળું, ક્યારો.

आलाप - પું. વાતચીત.

आली - સ્ત્રી. ઓળ, પંક્તિ.

आविक्षित - પું. અવિક્ષિત્ નો પુત્ર.

आवृत - (**आ + वृ** નું કર્મણિ ભૂ.કૃ.) ભરેલું, ઢંકાયેલું.

आशा - સ્ત્રી. ઉમેદ.

आशिस् - સ્ત્રી. આશીર્વાદ.

आशीविष - પું. સર્પ.

आस् - ગ.૨ આત્મને. બેસવું,

अधि + आस् - બેસવું,

उप + आस् - પૂજવું, ઉપાસના કરવી,

सत्रं + आस्-યજ્ઞ સમારંભ કરવો, ઘણા

યજ્ઞો અનુક્રમે કરવા.

आसन् - ન. મુખ

आसन्नमरण - વિશે. (**आसन्न** - વિશે. પાસેનું + **मरण** - ન. મોત) જેનું મોત પાસે આવ્યું હોય તે, ચોકે નાંખેલું

आसाद्य - વિશે. મેળવાય તેવું.

आसीन - વિશે. બેઠેલું (**आस्** નું વર્તમાન કૃ.)

आस्थान - ન. સભાસ્થાન, સભામંડપ.

आस्य - ન. મોઢું, મુખ.

आस्वाद - પું. રૂચિ.

आहव - પું. યુદ્ધ, લડાઈ.

आहुति - સ્ત્રી. યજ્ઞનું બલિદાન.

इ

इ - ગ.૨ પરસ્મૈ. જવું,

अभि + इ તરફ જવું,

अव + इ - જાણવું,

आ + इ - આવવું,

उद् + इ - ઉગવું, આબાદ થવું, ઉદય થવો,

निर् + इ - નિકળવું,

परि + इ - આસપાસ ફેરો કરવો,

व्यति + इ - જતા રહેવું,

वि + अप + इ - જુદું પડવું,

